આજનો સુવિચાર

જે વ્યક્તિમાં શાંતિનો નિવાસ નથી, તેના બધા જ સદ્‌ગુણ વ્યર્થ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૨ જૂનાગઢ તા.૦૪-૧૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 302, Junagadh : Date : 04 December, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ઉપરાષ્ટ્રપતિ ધનખડે મોદી સરકારને આકરા સવાલો પુછીને મુશ્કેલીમાં મુકી દીધી : ‘ખેડુતોને અપાયેલા વચનોનું શું થયું ?’



નવી દિલ્હી, તા.૪: ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે ખેડૂતોના આંદોલનને લઈને કેન્દ્ર સરકારને સીધા સવાલો પૂછયા છે. ધનખરે કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને પૂછયું કે ખેડૂતોને આપેલા વાયદાઓનું શું થયું અને તે કેમ પૂરું ન થયું ? આ સાથે ઉપરાષ્ટ્રપતિએ એવો પણ સવાલ ઉઠાવ્યો હતો કે ખેડૂતો સાથે કેમ વાત કરવામાં આવતી નથી અને તેમના હક કેમ આપવામાં આવતા નથી. ધનખડે ખેડૂતોની સમસ્યાઓ અંગે સરકારની નીતિઓ પર ગંભીર ચિંતા વ્યકત કરી અને તાત્કાલિક ઉકેલની જરૂરિયાત પર ભાર મૂકયો.

ઉપાધ્યક્ષ જગદીપ ધનખડે કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને સીધો સવાલ કર્યો કે ખેડૂતોને આપેલા વચનોનું શું થયું તેમણે સવાલ કર્યો કે જો ખેડૂતોને કોઈ લેખિત વચન આપવામાં આવ્યું હતું તો તેને કેમ પૂરું કરવામાં આવ્યું નથી તેમનું માનવું હતું કે આ વચનો પાળવાનો સમય આવી ગયો છે અને ખેડૂતો સાથે તાત્કાલિક સંવાદ શરૂ કરવો જોઈએ.

ઉપરાષ્ટ્રપતિએ ખેડૂત વિરોધ ચાલુ રાખવા પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે ગત વર્ષે પણ આંદોલન થયું હતું અને આ વર્ષે પણ આંદોલન ચાલુ છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત આટલી ઉંચાઈ પર કયારેય નહોતું, તો પણ ખેડૂતો કેમ પરેશાન અને પીડિત છે તેમણે કહ્યું કે આ સ્થિતિમાં પરિવર્તનની જરૂર છે અને અમે એવા રસ્તા પર જઈ રહયા છીએ જે જોખમી હોઈ શકે છે.

ઉપપ્રમુખ જગદીપ ધનખરે ખેડૂતોની સમસ્યાઓ અંગે સરકાર સમક્ષ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને તેના નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તેમના શબ્દોમાં, ખેડૂતોના અધિકારો અને તેમની સમસ્યાઓ પર વધુ ધ્યાન આપવું જોઈએ જેથી આંદોલન ઉકેલી શકાય અને દેશની આત્માને ઠેસ પહોંચતા બચાવી શકાય.

## દેવેન્દ્ર ફડણવીશ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી બનશે : આવતીકાલે શપથવીધી



મુંબઈ તા.૦૪
મહારાષ્ટ્ર ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. અગાઉ કોર કમિટીની બેઠકમાં પણ તેમના નામ પર સહમતિ સધાઈ હતી. મહાયુતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભાજપના કેન્દ્રીય નિરીક્ષકો વિજય રૂપાણી અને નિર્મલા સીતારમણ કાર્યકારી સીએમ એકનાથ શિંદેને મળશે. આ પછી, મુખ્યમંત્રી ફડણવીસ અને બંને નાયબ મુખ્યમંત્રી રાજ્યપાલને મળશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. શપથ ગ્રહણ આવતીકાલે એટલે કે ૫ ડીસેમ્બરે મુંબઈના આઝાદ મેદાનમાં યોજાશે. જેમાં મુખ્યમંત્રી અને બંને ડેપ્યુટી સીએમ શપથ લેશે. તેમની સાથે કેટલા મંત્રીઓ શપથ લેશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. નિર્મલા સીતારમણ અને વિજય રૂપાણીએ મુખ્યમંત્રી પદે દેવેન્દ્ર ફડણવીશના નામ અંગે સર્વસંમતિથી વરણી કરવામાં આવી હોવાનું જાહેર કર્યું હતું. ત્યારબાદ દેવેન્દ્ર ફડણવીશે જાહેર જનતાનો તેમજ તમામ ધારાસભ્યોનો આભાર માન્યો હતો.

## ખ્યાતિકાંડ : ફરાર આરોપી ડો. સંજય પટોળીયાને પોલીસે ઝડપી લીધો

અમદાવાદ તા.૦૪
સમગ્ર રાજયભરમાં ચકચાર જગાવનારા ખ્યાતિકાંડ મામલે ગુનો નોંધાયા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયેલા ડો. સંજય પટોળીયાને પોલીસે ઝડપી પાડ્‌યો છે. ડો. સંજય પટોળીયાએ કરેલી આગોતરા જામીન અરજી મંગળવારે રદ થઈ હતી. ખ્યાતિકાંડ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસ સોંપાયા બાદ અત્યાર સુધીમાં કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે કાર્તિક પટેલ અને રાજશ્રી કોઠારી હજી પણ પોલીસ પકડથી દૂર છે. ડો. સંજય પટોળિયા વર્ષ ૧૯૯૯માં રાજકોટ સરકારી હોસ્પિટલમાં સર્જરી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયો હતો. ત્યારબાદ તેમણે ગેસ્ટ્રો અને બેરિયાટ્રિક સર્જન તરીકે પ્રાઈવેટ પ્રેક્ટિસ શરૂ કરી હતી. ૨૦૦૫માં રાજકોટમાં ન્યૂ લાઈફ હોસ્પિટલની શરૂઆત કરી હતી. ત્યારબાદ અમદાવાદમાં ૨૦૧૪માં એસજી હાઈવે પર એશિયન બેરિયાટ્રિક્સ હોસ્પિટલની શરૂઆત કરી હતી, જેનું નામ બદલી ૨૦૧૯માં ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ કરવામાં આવ્યું હતું, જે હાલ રાજયભરમાં ચર્ચામાં છે.

## જૂનાગઢ, અમરેલી, રાજકોટ સહિત રાજયમાં નવી ૨૧ જીઆઈડીસીને મંજુરી

ગાંધીનગર તા.૦૪ :
ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને વધુ ધમધમતો કરવા માટે ઉદ્યોગ વિભાગ દ્વારા આગામી સમયમાં રાજયમાં નવી ૨૧ જીઆઈડીસીનો પ્રારંભ કરવામાં આવશે. ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતના કહેવા મુજબ નવી જીઆઈડીસીની સ્થાપનામાં જે તે જિલ્લાના એવા સ્થળ પસંદ કરવામાં આવ્યા છે, જેના કારણે રાજયના સમતોલ વિકાસને પ્રાધાન્ય મળી રહે તે સાથે નવા વિસ્તારોમાં જીઆઈડીસી શરૂ થવાના કારણે સ્થાનિક ઉદ્યોગોને નજીકમાં જ અદ્યતન સુવિધા સાથેની વસાહત મળશે તેના કારણે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થશે.

સત્તાવાર સુત્રોના જણાવ્યા મુજબ રાજયમાં જે નવી જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવશે. તેમાં રાજકોટ, અમરેલી તેમજ જૂનાગઢનો સમાવેશ થાય છે.

ઉદ્યોગ વિભાગ દ્વારા લાંબા સમયથી નવી ઔદ્યોગિક વસાહતો શરૂ કરવાની પ્રક્રિયા ચાલતી હતી તેને આખરી ઓપ આપી દેવાયો છે. નવી જંત્રીના દર લાગુ પડે તે પૂર્વે ૨૧ પૈકી, જે જીઆઈડીસીમાં જમીન સંપાદન કરવાની બાકી છે. તેમાં ઝડપથી સરકારી પડતર જમીન ઉદ્યોગ વિભાગ દ્વારા ચલણ ભરીને જંત્રીના ભાવે ખરીદવામાં આવશે. તે પછી તેમાં રોડ-રસ્તા, વીજળી, ડ્રેનેજની સુવિધા અને પ્લોટીંગ સાથે માળખું તૈયાર કરીને જે તે ઉદ્યોગકારોને પ્લગ એન્ડ પ્લે તરીકે ઓફર કરાશે.

## ચાલુ શિયાળાની સીઝનમાં કોલ્ડવેવના દિવસો ઘટશે : ઠંડી ઓછી રહેશે

પુણે તા.૦૪
ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે ભારતમાં ડિસેમ્બર ૨૦૨૪ થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી શિયાળાની ઋતુ પ્રમાણમાં ગરમ એટલે કે ઓછી ઠંડી રહેશે, આ સિઝનમાં કોલ્ડ વેવ - શીત લહેરના દિવસો પ્રમાણમાં ઓછા રહેશે અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે.

ઑક્ટોબર અને નવેમ્બરના પાનખર મહિનામાં રેકોર્ડબ્રેક ઊંચા તાપમાન પછી, શિયાળો હળવો રહેવાની ધારણા છે અને કોલ્ડ વેવના દિવસો ઓછા રહેશે, એમ ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે

સામાન્ય વર્ષમાં, શિયાળા દરમિયાન પાંચથી છ કોલ્ડ વેવના દિવસો આવતા હોય છે; પરંતુ આ વર્ષે ૨૦૨૪-૨૦૨૫માં,કોલ્ડ વેવના દિવસોની સંખ્યા ઘટીને બે કે ચાર દિવસમાં રહેવાનો અંદાજ છે.

## હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાએ પુરાતત્વ વિભાગને પત્ર લખી દિલ્હીની ઐતિહાસીક જામા મસ્જિદનો સર્વે કરવા માંગણી કરી

નવી દિલ્હી તા.૦૪ :
દિલ્હીની ઐતિહાસિક જામા મસ્જિદ ફરી એકવાર ચર્ચામાં છે. હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાએ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ને પત્ર લખીને જામા મસ્જિદના સર્વેની માંગ કરી છે. તેઓ દાવો કરે છે કે મસ્જિદની સીડીઓ નીચે એક મંદિરના અવશેષો છે, જે મુગલ સમ્રાટ ઔરંગઝેબ દ્વારા તોડી પાડવામાં આવેલા કૃષ્ણ મંદિરોના છે. વિષ્ણુ ગુપ્તાનો દાવો છે કે જોધપુર અને ઉદયપુરના પ્રાચીન કૃષ્ણ મંદિરોને ઔરંગઝેબ દ્વારા નષ્ટ કરવામાં આવ્યા હતા અને તેમના અવશેષોનો ઉપયોગ જામા મસ્જિદની સીડીઓમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ઉલ્લેખ છે કે ૨૪-૨૫ મે, ૧૬૮૯ના રોજ ઔરંગઝેબના સેનાપતિ ખાન જહાં બહાદુરે મંદિરોને તોડી નાખ્યા હતા અને તેમની મૂર્તિઓ તોડીને દિલ્હી મોકલી દીધી હતી.

## પંજાબના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખબીર બાદલ પર હુમલો : માંડ બચ્યા



અમૃતસર તા.૦૪
પંજાબના પૂર્વ ડેપ્યુટી સીએમ સુખબીર સિંહ બાદલ પર આજે સુવર્ણ મંદિરના ગેટ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જો કે ગોળી દીવાલમાં વાગી હતી, જેમાં તેઓ માંડ માંડ બચ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. હુમલાખોર હાથમાં પિસ્તોલ લઈને સુખબીર બાદલ તરફ દોડ્‌યો અને ફાયરિંગ કર્યું. જો કે આ દરમિયાન ત્યાં ઊભેલા સુરક્ષાકર્મીઓએ હુમલાખોરને દબોચી લીધો હતો અને પિસ્તોલ છીનવી લીધી હતી.

સુરક્ષાકર્મીઓએ સુખબીર બાદલને ઘેરી લીધા હતા. ઘટના બાદ સુવર્ણ મંદિરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ફાયરિંગ કરનાર વ્યક્તિની ઓળખ ગુરદાસપુરના ડેરાબાબા નાનકના રહેવાસી નારાયણ સિંહ ચૌડા તરીકે થઈ છે. તે દલ ખાલસાનો સભ્ય છે. પંજાબના અમૃતસરમાં બુધવારે સવારે પૂર્વ ડેપ્યુટી સીએમ સુખબીર બાદલ પર જીવલેણ હુમલો થયો હતો. બાદલ આ હુમલામાં બચી ગયા હતા.

## મહાકુંભ મેળામાં અધધ ભાડા : કચોરીની દુકાનનું ભાડુ રૂા.૯૨ લાખ !

પ્રયાગરાજ, તા.૪: ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૧૪ જાન્યુઆરીથી મહાકુંભની શરૂઆત થઈ રહી છે. આ પહેલા તંત્ર અને સરકારની તૈયારીઓને પૂરી કરવામાં આવી રહી છે. દેશ-દુનિયામાંથી લગભગ ૪૦ કરોડ લોકો મહાકુંભ મેળામાં પહોંચવાની આશા છે. મેળામાં આવતાં લોકોની સંખ્યાને જોતાં તમામ વ્યવસાયી પોતાનો સ્ટોલ ત્યાં લગાવવાનું વિચારી રહ્યાં છે. દરમિયાન મેળા તંત્ર તરફથી પણ સ્ટોલની ફાળવણીને લઈને સ્થિતિ સ્પષ્ટ થતી નજર આવી રહી છે. ૩૦-૩૦ ફૂટની દુકાનનું ભાડું લોકોને ચોંકાવી રહ્યા છે. એક પ્લેટ કચોરીની કિંમત ભલે ૩૦ રૂપિયા હોય પરંતુ લગભગ ૯૦૦ સ્કવેર ફૂટની દુકાનનું ભાડું ૯૨ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે.


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5060/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ–મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ–ક્ષારસુત્ર–ગર્ભસંસ્કાર બાળકો માટે સુવર્ણપ્રાશન વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ–કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન






ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો






તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.


CMYK

# ગુજરાતને વૈશ્વિક સ્તરે વધુ એક ગૌરવ સિદ્ધિ મળી : કચ્છના સ્મૃતિ વન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને યુનેસ્કોના પ્રિક્સ વર્સેઈલ્સ ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે માન્યતા






## પેરિસમાં યુનેસ્કો હેડ ક્વાર્ટરમાં આયોજિત સમારોહમાં એવોર્ડ અર્પણ થયો : સ્મૃતિવન મ્યુઝિયમને ઈન્ટિરિયર્સની શ્રેષ્ઠતા માટે એવોર્ડ પ્રાપ્ત : રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ એવોર્ડ સ્વીકાર્યો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાઠવ્યા અભિનંદન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની વૈશ્વિક ગૌરવ સિદ્ધિમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે. કચ્છ-ભૂજના સ્મૃતિવન મ્યુઝિયમને તેના ઈન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઈલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ એનાયત કરવામાં આવ્યું છે. પેરિસમાં યુનેસ્કો હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાતને એનાયત થયેલો આ એવોર્ડ રાજ્ય સરકાર વતી રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ **GSDMA**ના **CEO** અનુપમ આનંદ સાથે સ્વીકાર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ માટે સ્મૃતિવનની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. ઉલ્લેખનીય છે કે, **UNESCO** ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઈલ્સ (**Prix Versailles**) એવોર્ડ અંતર્ગત ભુજના આ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને ૨૦૨૪ના વર્ષની શરૂઆતમાં વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું. હવે, વૈશ્વિક મંચ ઉપર સાંસ્કૃતિક સીમાચિહ્ન તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત કરીને પ્રિક્સ વર્સેલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ મેળવીને સ્મૃતિવન મ્યુઝિયમે આ અંતિમ એવોર્ડ-સન્માન ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ પ્રિક્સ વર્સેલ્સ એ વૈશ્વિક આર્કિટેક્ચર અને ડિઝાઈન એવોર્ડ છે અને વિવિધ શ્રેણીઓમાં અસાધારણ સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે. મ્યુઝિયમ, એરપોર્ટ, કેમ્પસ, પેસેન્જર સ્ટેશન, રમતગમત સુવિધાઓ, એમ્પોરિયમ, હોટેલ્સ અને રેસ્ટોરન્ટનો તેમાં સમાવેશ થાય છે. ગુજરાતમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ગોઝારા ભૂકંપે જ્યારે કચ્છને ઘમરોળી નાખ્યું હતું, તે સમયે તેમાં જીવ ગુમાવનારા નાગરિકોના સ્મરણમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ વડાપ્રધાનની પ્રેરણાથી કરવામાં આવ્યું છે. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્મારકનું લોકાર્પણ કર્યું હતું. સ્મૃતિવનનું આર્કિટેક્ચર ઐતિહાસિક ભુજિયો ડુંગર સાથે સુમેળભર્યું સંકલન કરે છે, તેમાં મુલાકાતીઓને આપત્તિની તૈયારી અને શક્તિ અંગે શિક્ષિત કરવા માટે રચાયેલી ઈમર્સિવ ગેલેરીઓ રાખવામાં આવી છે. મ્યુઝિયમની અનન્ય ડિઝાઈન અને હેતુ હવે આંતરરાષ્ટ્રીય મંચ ઉપર સ્વીકૃત થયો છે, આ ગુજરાત અને ભારત બંનેનું વૈશ્વિક સ્તરે સન્માન છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (**GSDMA**) દ્વારા, કચ્છ કલેક્ટર કચેરીની વહીવટી સહાયથી વિકસાવવામાં આવેલું સ્મૃતિવન કુશળતા અને વિઝનના સહિયારા પ્રયાસને પ્રતિબિંબિત કરે છે. સ્મૃતિવન એ પડકારો સામે લડવાની કચ્છની ખુમારીની યશોગાથા છે, આપદા સામે અડીખમ રહેવાના ખમીરની કહાણી છે, રાખમાંથી ફરી બેઠા થવાની કિર્તીકથા છે, શૂન્યમાંથી સર્જનનું ચિત્ર રજૂ કરતો એક જીવંત દસ્તાવેજ છે. વડાપ્રધાનના વિઝનને અનુરૂપ નિર્માણ થયેલું સ્મૃતિવન ભુજના ભુજિયો ડુંગર ઉપર ૪૭૦ એકર વિસ્તારમાં ફેલાયેલું છે.

અહીં, વિશ્વના સૌથી વિશાળ મિયાંવાકી જંગલમાં ૩ લાખ વૃક્ષો છે. ઉપરાંત ભૂકંપમાં મૃત્યું પામેલે લોકોને શ્રદ્ધાંજલિરૂપે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તકતી, અહીં નિર્માણ થયેલા ૫૦ ચેકડેમની દીવાલો લગાવવામાં આવી છે. આ ઉપરાંત સન પોઈન્ટ, ૮ કિમી લંબાઈના ઓવરઓલ પાથવે, ૧.૨ કિમી આંતરિક રોડ, ૧ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ, ૩ હજાર મુલાકાતીઓ માટે પાર્કિંગ, ૩૦૦થી વધુ વર્ષ જૂના કિલ્લાનું નવિનીકરણ, ૩ લાખ વૃક્ષોનું વાવેતર, સમગ્ર વિસ્તારમાં ઈલેક્ટ્રિક લાઈટિંગ અને ૧૧,૫૦૦ ચોરસ મીટરમાં ભૂકંપને સમર્પિત મ્યુઝિયમનો સમાવેશ થાય છે. ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી એક વિશેષ પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. ૩૬૦ ડિગ્રી પર પ્રોજેકશનની મદદથી ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરી શકાય છે. કચ્છ આવનારા પ્રવાસીઓ માટે આ સ્મૃતિવન મ્યુઝિયમ જોવાલાયક સ્થળ તરીકે આકર્ષણ બન્યું છે.

# વીતરાગ પથ મહોત્સવની તડામાર તૈયારી : કાંદિવલી પૂર્વમાં ત્રણ પ્રોફેશનલ્સ યુવાનોની દીક્ષા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

શ્રી શાંતીનાથ ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ દ્વારા દામોદરવાડીની સામે, અશોક ચક્રવર્તી રોડ, અશોક નગર, કાંદિવલી (પૂર્વ), ખાતે ત્રણ યુવાનોની ભાગવતી પ્રવ્રજ્યા એટલે કે જૈન દીક્ષાનું આયોજન થઈ રહ્યું છે અને તે નિમિત્તે વીતરાગ પથ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે જેમાં ચાર્ટર્ડ એકાઉન્ટનનો અભ્યાસ કરી રહેલા, એન્જિનિયર અને માત્ર ૨૧ વર્ષના ત્રણ યુવાનો શ્રી કલ્પકભાઈ, શ્રી વિશ્વેશભાઈ, તેમ જ માત્ર ૨૧ વર્ષના હુબલીના શ્રી કલ્પભાઈની દીક્ષાની શ્રી સંઘમાં અનેરી જાગૃતિ ફેલાઈ છે. પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યભગંવત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સહિત અનેક આચાર્ય ભગવંતો, પદસ્થ ભગવંતો, મુનિ ભગવંતો અને પૂજ્ય સાધ્વીજી ભગવંતો સહિત ૧૫૦ જેટલા ગુરુભગવંતો આ પ્રવ્રજ્યા મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા માટે પધારી રહ્યા છે. સાચું સુખ આત્માની અંદર જ રહેલું છે અને તેની સંપ્રાપ્તિ માટે સંયમ જીવન સિવાય કોઈ વિકલ્પ ન હોવાથી આ પ્રોફેશનલ્સ યુવાનો મહામૂલા દુર્લભ માનવ જીવનને સાર્થક કરવા ૨૫૦૦ વર્ષ પહેલાં વીર પ્રભુએ કંડારેલો રાજમાર્ગ સ્વીકારી રહ્યા છે. પૂજ્ય આચાર્ય ભગંવત શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના માર્ગદર્શનથી તૈયાર થયેલ શ્રી કલ્પભાઈ-હુબલીવાળા અને પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી વીતરાગ વલ્લભવિજયજી મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ ગુરૂકુલવાસમાં તૈયાર થયેલ શ્રી સુરેન્દ્રનગરના શ્રી વિશ્વેશભાઈ અને શ્રી કલ્પકભાઈ આ પ્રવ્રજ્યા સ્વીકારીને આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા થનગની રહ્યા છે. તા. ૧૦-૧૨-૨૦૨૪ના રોજ પૂજ્ય ગુરુભગવંતોનું શબરી બિલ્ડિંગ ખાતેથી સવારે ૭.૦૦ કલાકે સામૈયું શરું થશે અને આરાધના ભવન ખાતે માંગલિક પ્રવચન બાદ દામોદરવાડીમાં નવકારશીનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૧-૧૨-૨૦૨૪ના મૌન એકાદશીના દિવસે ૫૪૦ વર્ષીતપના તપસ્વીઓ અને અન્ય ૫૦૦ ભાગ્યશાળીઓ ૧૫૦ કલ્યાણકોની આરાધના માટે દામોદરવાડી ખાતે સામૂહિક ૧૦૦૮ આયંબિલની તપશ્ચર્યા કરશે. તે શુભ દિવસે કુશલચિંતક આચાર્ય ભગવંત શ્રી મુક્તિવલ્લભ મહારાજ સાહેબનો દીક્ષા અને સાચું સુખ અભિન્ન છે તે વિષય સવારે ૭.૩૦ પર પ્રવચન થશે. સાંજે ૭.૩૦ કલાકે સ્વયંભૂ ગાર્ડન ખાતે કેસરિયાનું નાટક યોજવામાં આવેલ છે. તા. ૧૨-૧૨-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે પ. પૂ. તેજસ્વી પ્રવચનકાર આચાર્ય ભગવંત શ્રી મહાબોધિસૂરીશ્વરજી દ્વારા નમામિ ગચ્છનાયકમ્ નો વિશેષ સ્વયંભૂ ગાર્ડન ખાતે યોજાશે અને બપોરે ૨.૩૦ કલાકે વીતરાગ તણાં એ કેસરિયાનો વસ્ત્ર વધામણાનો વિશેષ કાર્યક્રમ પૂજ્ય સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં અનેક મહિલામંડળો સાથે દામોદરવાડી ખાતે યોજાશે અને સાંજે ૭.૩૦ કલાકે સ્વયંભૂ ગાર્ડન ખાતે નેમરસનો સંયમ નાદનો સંયમ સ્પર્શનો સંગીતમય કાર્યક્રમ પારસ ગડા દ્વારા સ્વયંભૂ ગાર્ડન ખાતે યોજાશે. તા. ૧૩-૧૨-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે રાજમાર્ગ પર રાજપથ યાત્રાનો દીક્ષાનો વિશિષ્ટ વરઘોડો કાંદિવલી ઈસ્ટના રાજમાર્ગો પર ફરશે અને ત્યારબાદ સવારે ૧૦.૦૦ કલાકે સ્વયંભૂ ગાર્ડન ખાતે બેઠું વર્ષીદાન યોજાશે. સાંજે ૪.૦૦ કલાકે અંતિમ વાયણું અને સાંજે ૭.૩૦ કલાકે શ્રી ઉર્વિલભાઈ વખારીયાના સંચાલન હેઠળ ચાલ્યા રે વૈરાગીનો વિશેષ કાર્યક્રમ સ્વયંભૂ ગાર્ડન ખાતે યોજાશે. દીક્ષાના મુખ્ય દિવસે તા. ૧૪-૧૨-૨૦૨૪ શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીતરાગ પંથે પ્રયાણનો દીક્ષા વિધિ પ્રારંભ થશે જેનું સંચાલન શ્રી સંજયભાઈ વખારીયા કરશે. સકળ શ્રી સંઘમાં બહારથી પધારેલા ૫૦૦ જેટલા મહેમાનોને દરેક ઘરે ઉતારવાનો લાભ લેવા તલપાપડ છે અને ૧૫૦ જેટલા પૂજ્ય ગુરૂભગવંતોની વૈયાવચ્ચ કરવા માટે યુવાનોની ટીમ કાર્યરત છે. વીતરાગ પથના આ અનેરા ઉત્સવને માણવા આપ પધારશો.

# રાજકોટમાં દિવ્યાંગોને સાધન સહાય, પ્રતિભાને મંચ આપીને થઈ 'વિશ્વ દિવ્યાંગ દિવસની' ઉજવણી





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૪

રાજકોટમાં દિવ્યાંગો-મનોદિવ્યાંગોને સહાય-પ્રોત્સાહન આપવા સાથે તેમની પ્રતિભાને ઉજાગર કરતા વિશેષ કાર્યક્રમ સાથે 'વિશ્વ દિવ્યાંગ દિવસ' મનાવાયો હતો. જેમાં દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે દિવ્યાંગો તથા મનોદિવ્યાંગ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. રાજકોટના જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશ મુજબ, જિલ્લા વહીવટી તંત્ર, સમાજ સુરક્ષા વિભાગ તેમજ દિવ્યાંગો માટે કામ કરતી વિવિધ સંસ્થાઓ દ્વારા સ્પે. હોમ ફોર બોયઝ ખાતે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં દીપ પ્રાગટ્ય બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયા હતા. સૌ પ્રથમ સ્નેહ નિર્ઝર સંસ્થાની મનોદિવ્યાંગ બહેનોએ સુંદર સંકલન સાથે સંગીતના તાલે ગણેશ વંદના રજૂ કરી લોકોએ દંગ કરી દીધા. બાદમાં વિરાણી બહેરા મૂંગા શાળાના મુકબધિર બાળકોએ 'રામ આયેંગે' ગીત પર સુંદર નૃત્ય રજૂ કર્યું. રામ, સીતા અને હનુમાન તેમજ અન્ય પરંપરાગત વેશભૂશામાં સજ્જ બાળકો પોતે સંગીત સાંભળી ન શકતા હોવા છતાં, પોતાના શિક્ષકના ઈશારાઓ પર, સંગીતના તાલે સુંદર નૃત્ય રજૂ કરતાં જ લોકોએ તેમને તાળીઓથી વધાવી લીધા. બાદમાં વી. ડી. પારેખ અંધમહિલા ગૃહની પ્રજ્ઞાચક્ષુ બાળકીઓએ 'હસતા રમતા' ગીત પર નૃત્ય પછી એકરંગ ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સંસ્થાની મનોદિવ્યાંગ બાળકી તેમજ મનોદિવ્યાંગ બહેનોના ગ્રુપની બહેન દ્વારા સાંસ્કૃતિક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેએ સંબોધનમાં જણાવ્યું હતું કે, દિવ્યાંગો એ સમાજનું અભિન્ન અંગ છે અને આપણી સંસ્કૃતિમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના વ્યક્ત કરાયેલી છે. આ રીતે દિવ્યાંગો પણ આપણા સમાજ-પરિવારનો ભાગ છે. દિવ્યાંગો-મનોદિવ્યાંગો માટે કામ કરતી સંસ્થાઓને બિરદાવતા તેમણે કહ્યું હતું કે, દિવ્યાંગોને દયા નહીં, પરંતુ પ્રોત્સાહન અને સહયોગની જરૂર છે. સમાજના તમામ ઘટકોએ સામાજિક આરોગ્યના જતન માટે દિવ્યાંગો, મનોદિવ્યાંગોને સહયોગના પ્રયાસ કરવાના છે. તેઓની સાથે ઊભા રહેવું એ આપણું કર્તવ્ય છે. કોઈ પણ પ્રકારની દિવ્યાંગતાને કારણે કોઈપણ દિવ્યાંગજન પોતાના અધિકારોથી વંચિત ના રહી જાય તે માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે.

આ તકે તેમણે પોતાના આઈ.એ.એસ.ના તાલીમી કાર્યકાળમાં એક દિવ્યાંગ આઈ.એ.એસ.ની સફળતાનું ઉદાહરણ રજુ કરીને સૌને પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં ધોરાજીના પીપળીયા ગામના બંસીબેન જીતેન્દ્રભાઈ દાફડાને ગુજરાત સરકારની દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો રૂપિયા ૫૦ હજારનો ચેક આપવામાં આવ્યો હતો, બધીર બાળકોને હિયરિંગ એઈડ તેમજ દિગ્યાંગજનને વ્હીલચેરની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે રાજકોટમાં દિવ્યાંગો મનોદિવ્યાંગો માટે કામ કરતી વિવિધ સંસ્થાઓં તથા ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ તેમજ વ્યક્તિગત સિદ્ધિઓ હાંસલ કરનારા પેરા સ્વીમર જીગર ઠક્કર, રામદેવસિંહ ડી. જાડેજા તથા કમલેશભાઈ માળવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે રાજકોટ ગ્રામ્ય-તાલુકાના દિવ્યાંગ લાભાર્થીઓ માટે પી.જી.વી.સી.એલ.ના સી.એસ.આર. તેમજ એલિમ્કોના સહયોગથી દિવ્યાંગ સાધન સહાય મૂલ્યાંકન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# જૂનાગઢના સાંસદ અને ધારાસભ્યની રેલ્વે મંત્રી સાથે મુલાકાત : રેલ સેવાઓ અંગે ચર્ચા કરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા અને સાંસદ રાજેશ ચુડાસમાએ નવી દિલ્હીમાં રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવસાથે મુલાકાત કરી હતી અને જૂનાગઢ અને ગીર સોમનાથ ક્ષેત્રની રેલ સેવાઓને વધુ મજબૂત કરવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. જૂનાગઢ અને ગીર સોમનાથ તેમના સમૃદ્ધ સાંસ્કૃતિક, ઐતિહાસિક અને ધાર્મિક વારસા માટે વિશ્વ પ્રસિદ્ધ છે. અહીં આવેલું સોમનાથ મંદિર, જે ૧૨ જ્યોતિર્લિંગોમાં પ્રથમ છે, તે ભક્તોની વિશેષ આસ્થાનું કેન્દ્ર છે.

ગિરનાર પર્વત, ઘણા પ્રાચીન મંદિરો અને જૈન તીર્થસ્થાનોનું ઘર, આધ્યાત્મિકતા અને પર્યટનનું સંયોજન પ્રદાન કરે છે. વધુમાં, ગીર અભયારણ્ય એશિયાઈ સિંહોનું એકમાત્ર



કુદરતી નિવાસસ્થાન છે, જે વન્યજીવ પ્રેમીઓને આકર્ષે છે. આ સ્થળોના મહત્વને જોતાં, આ પ્રદેશમાં બહેતર અને સુલભ રેલ જોડાણની જરૂર છે, જે પ્રવાસન અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપી શકે છે. બેઠકમાં સોમનાથથી સુરત સુધી વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવા, જૂનાગઢને રેલ્વે ફાટક મુક્ત બનાવવા, લાંબા અંતરની ટ્રેનોને સોમનાથ સુધી લંબાવવા, જૂનાગઢમાં નવા રેલ્વે સ્ટેશનના નિર્માણ કાર્યને ઝડપી બનાવવા જેવા વિષયો ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ આ તમામ મુદ્દાઓ ઉપર હકારાત્મક પગલાં લેવાની ખાતરી આપી હતી, જેનાથી વિસ્તારનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

### ૧૯૭૧ના રોજ 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' હેઠળ પાકિસ્તાનના કરાચી નૌકા મથક ઉપર હુમલો કર્યો હતો, આ ઓપરેશનની સફળતાની સ્મૃતિરૂપે દર વર્ષે

# ૪ ડિસેમ્બર રાષ્ટ્રના ગૌરવ સમાન ભારતીય નૌસેનાના જવાનોને સલામ કરી તેમની બહાદુરીનું બહુમાન કરી બિરદાવવાનો અવસર એટલે 'ભારતીય નૌસેના દિવસ'





ભારતીય નૌસેનાનું આદર્શ વાક્ય 'શં નો વરૂણ' એટલે કે જળના દેવતા વરૂણ, અમારા માટે મંગલકારી રહે ! 'હર કામ દેશ કે નામ' મંત્ર સાથે કાર્યરત ભારતીય નૌસેના એ રાષ્ટ્રનું ગૌરવ છે. ભારતની દરિયાઈ સીમા અત્યંત વિશાળ છે. ભારતીય નૌકાદળ આ વિશાળ જળ વિસ્તારની સુરક્ષા કરવાનું કાર્ય કરે છે. નૌકાદળના જવાનોને સલામ કરવા અને તેમની બહાદુરીને બિરદાવવા માટે, નૌકાદળ દિવસની ઉજવણી કરાય છે. તેમજ ભારતીય નૌકાદળે ૪ ડીસેમ્બર, ૧૯૭૧ના રોજ 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' હેઠળ પાકિસ્તાનના કરાચી નૌકા મથક પર હુમલો કર્યો હતો. આ ઓપરેશનની સફળતાની સ્મૃતિરૂપે દર વર્ષે ૪ ડિસેમ્બરે ભારતીય નૌસેના દિવસ ઉજવાય છે. ભારતીય નૌસેના એ ભારતીય સેનાનું દરિયાઈ અંગ છે, જેની સ્થાપના ઈ.સ. ૧૬૧૨માં કરવામાં આવી હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેના જહાજોની સુરક્ષા માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મરીન તરીકે સેનાની રચના કરી હતી. જેને રોયલ ભારતીય નૌસેના નામ આપવામાં આવ્યું હતું. ભારતની આઝાદી બાદ ઈ.સ. ૧૯૫૦માં નૌસેનાની ફરીથી રચના કરવામાં આવી અને તેનું નામ બદલીને ભારતીય નૌસેના કરવામાં આવ્યું હતું. ભારતીય નૌકાદળ એક સંતુલિત અને સંકલિત ત્રિ-પરિમાણીય દળ છે, જે મહાસાગરોની સપાટી ઉપર અને સપાટી નીચે કાર્ય કરવા સક્ષમ છે અને આપણા રાષ્ટ્રીય હિતોની અસરકારક રીતે સુરક્ષા કરે છે. નૌકાદળના વડા(**C.N.S.**) સંરક્ષણ મંત્રાલય (નેવી)ના સંકલિત મુખ્યાલયમાંથી ભારતીય નૌકાદળના ઓપરેશનલ અને વહીવટી નિયંત્રણની કામગીરી કરે છે. તેમને વાઈસ ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ (**V.C.N.S.**) અને અન્ય ત્રણ પ્રિન્સિપલ સ્ટાફ ઓફિસર્સ, જેમ કે ડેપ્યુટી ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ(**D.C.N.S.**), ચીફ ઓફ પર્સનલ(**C.O.P.**) અને ચીફ ઓફ મટિરિયલ(**C.O.M.**) મદદ કરે છે. નૌકાદળ પાસે આ મુજબ ત્રણ કમાન્ડ છે, દરેક ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફના નિયંત્રણ હેઠળ છે. ૧. વેસ્ટર્ન નેવલ કમાન્ડ (મુંબઈ ખાતે મુખ્યાલય), ૨. ઈસ્ટર્ન નેવલ કમાન્ડ (વિશાખાપટ્ટનમ ખાતે મુખ્યાલય) ૩. સધર્ન નેવલ કમાન્ડ (કોચી ખાતે મુખ્યાલય). પશ્ચિમી અને પૂર્વીય નેવલ કમાન્ડ્સ 'ઓપરેશનલ કમાન્ડ્સ' છે અને અનુક્રમે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં કામગીરી કરે છે. સધર્ન કમાન્ડ એ ટ્રેનિંગ કમાન્ડ છે. દરેક કમાન્ડ હેઠળ નેવલ ઓફિસર-ઈન-ચાર્જ (ફ્રૈંઝજ) છે, જે તેમના સંબંધિત અધિકારક્ષેત્ર હેઠળ બંદરોના સ્થાનિક નૌકા સંરક્ષણ માટે જવાબદાર છે. આંદામાન અને નિકોબાર ટાપુઓનું સંરક્ષણ એ ત્રણેય કમાન્ડની સંયુક્ત જવાબદારી છે. લક્ષદ્વીપ જૂથના ટાપુઓના સ્થાનિક નૌકા સંરક્ષણની જવાબદારી લક્ષદ્વીપ નેવલ ઓફિસર-ઈન-ચાર્જની છે. ભારતીય નૌસેનાએ આંતરરાષ્ટ્રીય સરહદ પર માછીમારી કરવા જતા માછીમારોની શોધખોળ કરવી પડતી હોય છે. જેના માટે નૌસેના દરરોજ માછીમારોના એસોસીએશન સાથે પણ સતત સંપર્કમાં રહીને તમામ માછીમારોની વિગતો હાંસલ કરે છે. નૌસેનાનો મહત્વનો ઉદ્દેશ આતંકવાદીઓથી દેશનું રક્ષણ કરવાનો છે. ભારતીય નૌસેનાનું આદર્શ વાક્ય 'શં નો વરૂણ' એટલે કે જળના દેવતા વરૂણ, અમારા માટે મંગલકારી રહે! દેશની દરિયાઈ સરહદને સુરક્ષિત રાખવાની સાથે ભારતીય નૌકાદળ કુદરતી આફતોના કિસ્સામાં માનવતાવાદી સહાય કામગીરીમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય નૌકાદળની તાકાત સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. ભારત ત્રણ બાજુથી સમુદ્રથી ઘેરાયેલો દેશ છે. આંતરિક સુરક્ષા હોય કે દરિયાઈ વેપાર હોય, ભારતીય નૌકાદળ દરેક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવા માટે હંમેશા તૈયાર રહે છે.

**સંકલન : માર્ગી મહેતા**

# ઉનામાં ૨૨ મો મંગલ પાટોત્સવ ઉજવાયો



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૪

ઉનામાં ૨૨ મો મંગલ પાટોત્સવ ૩-૧૨-૨૦૨૪ને મંગળવારના શુભ દિવસે પૂ.પા.ગૌ. ૧૦૮ શ્રી દ્વારકેશ લાલજી મહારાજ શ્રી (અમરેલી - કાંદીવલી - ચંપારણ) પધાર્યા હતા. આપશ્રીની આજ્ઞા તેમજ ઉપસ્થિતિમાં શ્રીગોવર્ધન નાથજીની હવેલીમાં પ્રભુને સુંદર મનોરથ અંગીકાર કર્યા તેમજ મંગળવારે સવારે બ્રહ્મસંબંધ કાર્યક્રમ રાખેલ તેમજ નંદ મહોત્સવ, રાજભોગ માં તિલક અને સાંજે ૫:૦૦ વાગે શોભાયાત્રા નીકળી, રાત્રે છાક મનોરથના દર્શન દરેક વૈષ્ણોવે કરી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# માણાવદર સબ રજીસ્ટ્રાર અધિકારીની બદલી બાદ દસ્તાવેજ કરવા અઠવાડીયામાં ૩ દિવસ ફાળવતા વકીલો અને જનતામાં રોષ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૪

માણાવદર સબ રજીસ્ટ્રાર કચેરી (દસ્તાવેજ નોંધણી ઓફીસ)ના રાબ રજીસ્ટ્રાર વી.એમ. લાખાણીની બઢતી સાથે બદલી અન્વયે ઉગ્રરજુઆત તથા જુનાગઢ હેડઓફીસ તરફથી આવેલ સુચના મુજબ માણાવદર સબ રજીસ્ટ્રાર મુકામે અઠવાડીયામાં ત્રણ દીવરા એટલે કે મંગળવાર, ગુરૂવાર તથા શનિવાર પુરતી ઓફીસની કામગીરી ચાલુ રહેશે જેમાં માણાવદર તાલુકાની અંન્દરમાં કુલ ૫૮ ગામ તથા ૨ સીટી જેમાં માણાવદર તથા બાંટવાનું કામ આવતું હોય તે સંજોગોમાં કચેરીમાં રોજના ૧૦ થી ૨૦ દસ્તાવેજની નોંધણી થતી હોય અને જો અઠવાડીયામાં ફકત ત્રણ દીવસ ઓફીસ ચાલુ રાખવામાં આવે તો અરજદારોને ખુબજ હાલાકી ભોગવવી પડે તેમ હોય વળી સરકારીને રોજની આશરે ૭ થી ૮ લાખની સ્ટેમ્પ ડયુટીની તથા નોંધણી ફીની નુકસાની થાય તેમ હોય વળી ગુરૂવારે જે અરજદારોના દસ્તાવેજો હોય અને તે દીવસે ઈન્ટરનેટ ઠપ હોય અને તે દીવસે દસ્તાવેજ ના થાય તો શુકવાર ઓફીસ બંધ હોય શનિવાર રજાનો આવતો હોય રવીવારે રજા હોય તો ડાયરેડ ગુરૂવારના તમામ દસ્તાવેજ મંગળવારે થાય તેવી સ્થિતી હોય તો દસ્તાવેજનું તમામ કામ પાંચ દીવરા પછી થાય તેમ હોય, તે સંજોગોમાં બહારથી આવતા અરજદારોની હાલત ખુબ જ કફોડી બને તેમ હોય તે સંજોગોમાં હાલના સબ રજીસ્ટ્રારની બઢતી અને બદલી તાત્કાલીક ધોરણે સ્થગીત કરવા વિકલ્પે ચાલુ દીવસોમાં રેગ્યુલર સબરજીસ્ટ્રારની નિમણુંક કરવા સમગ્ર માણાવદર પંથકની જાહેર જનતાની તથા તમામ વકીલ એસોસીએશનની માંગણી છે અને જો ઉપરોક્ત બાબતે તાત્કાલીક ધોરણે કોઈ પગલા લેવામાં નહીં આવે તો ગાંધીચીનધ્યા માર્ગ ઉગ્ર આંદોલન કરવાની ના છુટકે ફરજ પડશે અને વધુમાં ઉપરોકત હાલાકી વથંલી તાલુકાને પણ ભોગવવી પડે તેમ હોય તેથી ઉપરોકત વિગતે યોગ્ય થવા અમારી ઉગ્ર રજુઆત છે.



# વિશ્વ દિવ્યાંગ દિવસની અંધ કન્યા છાત્રાલય દ્વારા ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૪

ત્રીજી ડિસેમ્બરના રોજ પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે અંધ કન્યા છાત્ર લઈને ના હોલમાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જુનાગઢ ની જાણીતી પટેલ કન્યા કેળવણી મંડળ જોષીપરાના પ્રિન્સિપાલ જયશ્રીબેન રંગોલીયાના (વેકરીયા) હાથે દીપ પ્રગટાવી વિશ્વ દિવ્યાંગ દિવસને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ મેઘનાથી, ટ્રસ્ટી અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, સંતોષબેન મુન્દ્રા, ચંપકભાઈ જેઠવા, મનોજભાઈ સાવલિયા તેમજ સંસ્થાની અંધ દીકરીઓ દ્વારા આ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે સંસ્થામાં બી.એડમાં અભ્યાસ કરતી વાળા દયા તેમજ બોખાણી રેખા દ્વારા સંસ્થાનો પરિચય અને દિવ્યાંગ દિવસની વિશેષ છણાવટ કરવામાં આવી હતી. સંસ્થાના મેનેજિંગ દ્રષ્ટિ મુકેશગીરીએ અને પ્રમુખ મનસુખભાઈ વાજાએ આવેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી સમાજમાં દિવ્યાંગો પ્રત્યે જાગૃતિ વધે એવા આવા કાર્યક્રમો કરી પ્રયાસો કરવામાં આવે તેવી શુભેચ્છા પાઠવી હતી અને સંસ્થાના ટ્રસ્ટી અરવિંદભાઈ મારડિયાએ આભાર દર્શન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

# ઉનાનાં ખજુદ્રા ગામે બંધ મકાનમાંથી રોકડ તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૪

ઉના તાલુકાના ખજુદ્રા ગામે મજૂરી કામ કરતા મજૂરના બંધ મકાનના કોઈ અજાણ્યા ઈસમોએ તાળા તોડી રોકડ રૂપિયા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧ લાખ ૨૫ હજારના માલ મતાની ચોરી કરી નાસી ગયાની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ અંગે મળતી વિગત મુજબ ઊના તાલુકાના ખજુદ્રા ગામે રહેતા પાંચભાઈ લાખભાઈ બાંભણિયા તેમના પરિવાર સાથે પોતાનું મકાનને તાળા મારી બંધ કરી કોડીનાર તાલુકાના મિતિયાજ ગામે ગોળના રાબડામાં મજૂરી કામે ગયા હતા અને ત્યાં તેમના ભાઈ રામભાઈ લાખાભાઈએ ફોન કરી જાણ કરેલ કે તમારા મકાનની ઓસરીની લોખંડની ગ્રિલના નકૂચા તૂટેલ છે તેથી તુરંત ખજુદ્રા ગામે આવી જોતા તેમના મકાનની ઓસરીની લોખંડની ગ્રિલના દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કરી ઘરના દરવાજાના બારણાનો નકુચો તોડી રૂમમાં અજાણ્યો માણસ પ્રવેશ કરી રૂમમાં રાખેલ લાકડાના પટારાનો નકુચો તોડી પટારામાં રાખેલ મજૂરીના રોકડા રૂપિયા ૧ લાખ અને ચાંદીના કમર સાકળી, ચાંદીની ચડા, સોનાની કાનમાં પહેરવાની કડી મળી કુલ રૂપિયા એક લાખ ૨૫૦૦૦/ના મુદામાલની ચોરી કરી નાસી ગયાની ઊના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી તપાસ પી એસ આઈ. ડાંગર કરી રહ્યા છે.

# ડો.સુભાષ મહિલા કોલેજમાં નારી સુરક્ષા અને સાયબર ફ્રોડ જાગૃતિ અંગે વ્યાખ્યાન યોજાયું



જૂનાગઢ, તા.૪

ડો. સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ જૂનાગઢ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા નારી સુરક્ષા વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંપ્રત સમયમાં અજુગતા કેટલાક બનાવો બનતા જાય છે તે ચિંતા સેવનારી બાબત છે. આપણી જાગૃતિ વિના સરકારના પ્રયત્નો પણ બિન અસરકારક બની જાય છે. ત્યારે વિદ્યાર્થીનીઓ જાગૃત બની રહે, નવી નવી સમસ્યા, નવા નવા પ્રશ્નોથી અવગત થાય અને તેના ઉકેલો હાથ વગો રાખે એ માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ.એસ.ઓફિસ ડૉ.બી.એમ.પટેલે એન.એસ.એસ. દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે વાત કરી સ્વયંસેવકે કઈ કઈ જાગૃતિ રાખવી જોઈએ તો પ્રશ્નો ઓછા ઊભા થાય. એ અંગે વાતો મૂકી હતી અને એના દ્વારા આપણું યુનિટ બળવતર અને સારી સુવિધાવાળું બને એમ જણાવ્યું હતું..

કોલેજના વરિષ્ઠ પ્રા.કોકિલાબને પરમારના અધ્યક્ષસ્થાને યોજેલા આ કાર્યક્રમમાં કોલેજના સાહિત્ય મર્મજ્ઞ આચાર્ય બલરામ ચાવડાએ મનનીય પ્રવચન આપ્યું હતું જેમાં તેમણે જણાવેલ કે આપના મનમાં શિક્ષણરૂપી કમલની પાંદડીઓ ઉઘડે એ જરૂરી છે. આ માટે આજના વિષયને અનુરૂપ બોધદાયક જાગૃતિવર્ધક વાતો એમણે મૂકી હતી કે આપણે તો યુગોથી આદ્યશક્તિ ,માતૃશક્તિની પૂજા કરતા રહ્યા છીએ. નવદૈવી સ્વરૂપની પૂજા કરીએ છીએ. તેથી આપણે નારીશક્તિથી પરિચિત છીએ. વળી નારી તો સૃષ્ટિના ઉદ્ભવ કાળથી જ લાલન પાલન કરનાર સજાગ મને જીવતી રહી છે.પરંતુ જયારથી લોકોએ બારણાંઓ બનાવ્યા. તાળાઓ બનાવ્યા ત્યારે સુરક્ષાની જરૂરિયાત ઉભી થઈ, ત્યારથી અનેક પ્રશ્નો પછી વધ્યા. ત્યારથી પછી સુરક્ષાના પ્રશ્નો ઊભા થયા અને એ દિશાના ઉકેલ માટે સરકારે અને સમાજે વિચાર્યું સ્ત્રી અત્યાચાર રોકવાના કાયદાઓ સરકારે ઘડયા અને યોજનાઓ અમલમાં મૂકી જેમ કે અભયમ અથવા સ્ત્રી સહાય માટે વાહનની સુવિધા.

આ જાતના અનેક વિચારો આચાર્યએ મૂકી વિદ્યાર્થીનીઓને સ્ત્રી સુરક્ષા માટે શું શું કરી શકાય એવા કેટલાક મુદ્દાઓ તારવી આપ્યા હતા કે એકલા હોઈએ ત્યારે કે પ્રવાસમાં શું ધ્યાન રાખવું ,પરિધાનમાં શું ધ્યાન રાખવું ,મોબાઈલ લોકેશન સતત ચાલુ રાખવું જોઈએ.વગેરે બાબતો ઉદાહરણ સહ મૂકી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.યુનિટ પ્રોગ્રામ ઓફિસર ચેતનાબેન ચુડાસમાએ સુચારૂ રીતે કર્યું હતું. આ પ્રકારના વિશિષ્ટ અને સમાજ ઉપયોગી કાર્યક્રમો યોજવા બદલ ટ્રસ્ટી જવાહરભાઈ ચાવડાએ સૌને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમના અંતે સૌને સપથ લેવડાવ્યા હતા કે જેનાથી લોકશાહી રાજ્ય વધુ મજબૂત અને આગળ વધનાર બની રહે.

# જીલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા જૂનાગઢ જીલ્લાના યુવાઓ માટે કબડ્ડી સિલેક્શન ટ્રાયલનું આયોજન

જૂનાગઢ, તા.૪

**Junagadh district rural Kabaddi Association and Junagadh district Kabaddi Association** દ્વારા સબ જુનિયર અં-૧૬, જુનિયર અં-૨૦ અને સિનિયર ઓપન ઓપન એઈજ માટે કબડ્ડી સિલેક્શન ટ્રાયલનું આયોજન તા.૮/૧૨/૨૦૨૪ના રોજ મીનરાજ શૈક્ષણિક સંકુલ, ભવનાથ, જૂનાગઢ ખાતે રાખેલ છે. જેમાં ટ્રાયલ માટે ખેલાડી એ જરૂરી પ્રમાણપત્ર અને બે(૨) પાસપોર્ટ ફોટા સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવું. વધુ માહિતી માટે વિજયભાઈ ડી. વાળ મો.૬૩૫૨૨ ૫૪૦૦૪ અને વનરાજ એમ. જલુ મો. ૯૦૯૭૯ ૦૯૦૧૩ નો સંપર્ક કરવો તેમ જિલ્લા રમત ગમત અધિકારી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સ્વર્ણિમ યુનિવર્સિટીની અરિહંત હોમીયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટે ગુજરાત હોમીયો એલિટ ૨૦૨૪નું સહ-આયોજન કર્યું

## પ્રમુખ હિતધારકો અને વિદ્યાર્થીઓ ડિજિટલ એકીકરણ, પુરાવા પર આધારિત પ્રેક્ટિસ અને હોમીયોપેથીમાં નવીનીકરણની જાણકારી મેળવવા માટે એકઠાં થયા

ગાંધીનગર, તા.૪



સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની ઘટક કૉલેજ એરિહંત હોમીયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટે હાલમાં જ ગુજરાત હોમીયો એલિટ ૨૦૨૪નું સહ-આયોજન કર્યું હતું. તેના સીએમઈ ઈવેન્ટમાં ઘણાં ડૉક્ટરો અને વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો, જેમાં અમારી હોમીયોપેથિક મેડિકલ કૉલેજના ૨૦ ફેકલ્ટીના સભ્યો અને ૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશભાઈ પટેલએ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

નેશનલ કમિશન ફૉર હોમીયોપેથી (એનસીએચ)ના ચેરમેન ડો.અનિલ ખુરાનાએ પ્રેક્ટિશનરો અને પીજી વિદ્યાર્થીઓને પુરાવા આધારિત હોમીયોપેથીને અપનાવવા તથા પ્રતિષ્ઠિત જર્નલોમાં પ્રકાશન માટે તેમના તારણોનું દસ્તાવેજીકરણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમ યોજવા પાછળનો ઉદ્દેશ્ય આયુષ્માન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ) અને તેની નોંધણીની પ્રક્રિયા અંગે જાગૃતિ પેદા કરવાનો તથા ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અને તેના વિનિયમોના મહત્ત્વ પર પ્રકાશ પાડવાનો હતો. શ્રી ઋષિકેશ પટેલએ જીવનની ગુણવત્તા તેમજ સારવારને સુધારવામાં હોમીયોપેથીની ભૂમિકાના મહત્ત્વ પર ભાર મૂકીને એક પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું.

એનસીએચના બૉર્ડ ઑફ એથિક્સ એન્ડ રજિસ્ટ્રેશન ફોર હોમીયોપેથી (બીઈઆરએચ)ના પ્રેસિડેન્ટ ડો.પિનાકિન ત્રિવેદીએ હિતધારકોને એનસીએચના સેન્ટ્રલ રજિસ્ટરમાં પોતાની નોંધણી કરાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મેડિકલ એન્ડ એજ્યુકેશન બૉર્ડના ચેરમેન ડો.તાડકેશ્વર જૈનએ હાલમાં ગુજરાતમાં હોમીયોપેથિક પ્રેક્ટિસના વર્તમાન પરિદ્રશ્ય અંગે વિગતવાર વાત કરી હતી.

એનસીએચના સેક્રેટરી ડો.સંજય ગુપ્તા અને મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બૉર્ડ ફોર હોમીયોપેથી (એમએઆરબીએચ)ના સભ્ય ડૉ. આનંદ ચતુર્વેદીએ પણ યુવા પ્રેક્ટિશનરો અને પીજી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

અરિહંત હોમીયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટની ફાઈનલ બીએચએમએસ બેચના ટોચના ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન એ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ હતું. આ ટોચના પર્ફોર્મરો એટલે કે હિમાની જાડેજા, શેફાલી પટેલ અને કરન ઠક્કરને મંત્રી અને એનસીએચના અધિકારીઓના હસ્તે મેડલો અને પ્રશંસાના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ ઋષભ જૈનએ જણાવ્યું હતું કે, 'ગુજરાત હોમીયો એલિટ ૨૦૨૪નું સહ-આયોજન કરવા પાછળનો વિચાર પરંપરાગત હેલ્થકૅર પ્રેક્ટિસ અને આધુનિક નવીનીકરણની વચ્ચે રહેલા અંતરાલને દૂર કરવાનો હતો. સ્વર્ણિમ યુનિવર્સિટી ખાતે અમે પુરાવા-આધારિત પ્રેક્ટિસ અને ડિજિટલ એકીકરણને આગળ વધારવા માટેના સાધનો, જ્ઞાન અને પ્લેટફોર્મ વડે હોમીયોપેથિક પ્રેક્ટિશનરો અને વિદ્યાર્થીઓનું સશક્તિકરણ કરવામાં વિશ્વાસ ધરાવીએ છીએ. આ કાર્યક્રમ હોમીયોપેથીની ક્ષમતાઓને તો બિરદાવે જ છે પરંતુ તેની સાથે-સાથે તે હેલ્થકેરના ભવિષ્યનું ઘડતર કરવામાં તેની સુસંગતતાને બળવત્તર બનાવે છે.'

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ આ કાર્યક્રમમાં મેટેરિયા મેડિકા, પ્રેક્ટિસ ઓફ મેડિસિન, એનેટોમી અને રીપર્ટોરી સહિત તેના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા નવીન પ્રકારના મોડેલોની સાથે તેના સ્ટાર્ટઅપ સેલને પ્રદશિત કર્યો હતો. આ મોડેલો હોમીયોપેથીનું નવીન વિચારસરણી અને વ્યવહારુ ઉપયોગોની સાથે એકીકરણ કરવા માટેના પુરાવા તરીકે કામ કરે છે. એક સ્ટાર્ટઅપે હોમીયોપેથી વિભાગમાંથી તેમની પહેલને પણ રજૂ કરી હતી, જેનું નામ વેટકૉલછે અને તેની સ્થાપના સુશ્રી દેવાંશી સોની, હર્ષ ગોહિલ અને આંચલ શાહ દ્વારા કરવામાં આવી છે.

હોમીયોપેથિક પ્રેક્ટિશનરો માટે એબીડીએમના મહત્ત્વ પર ફરીથી ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંગેની ઊંડી સમજણની સાથે આ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા સેવા સદનના પ્રાંગણમાં કલેક્ટર અને અધિકારીઓએ વૃક્ષારોપણ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૪



દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે લાલપુર રોડ ઉપર આવેલ જિલ્લા સેવા સદન, જિલ્લા પંચાયત તેમજ પોલીસ અધિક્ષકની કચેરીના સંયુક્ત સંકુલના પ્રાંગણમાં અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોર, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આંબલી, આમળા, જામફળ વગેરેના છોડ વાવીને વૃક્ષારોપણ કર્યું હતું. કલેક્ટરે આ તકે સંકુલના વૃક્ષોનું ધ્યાન રાખતા માળી કર્મચારીઓને ખાસ અભિનંદન આપીને વૃક્ષોના સતત સંવર્ધન માટે બિરદાવ્યા હતાં. વૃક્ષારોપણ સાથે સંકળાયેલા 'ગ્રીન ખંભાળિયા'ના કાર્યકર પરેશભાઈ મહેતા અને પરબતભાઈ ગઢવી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન આયોજિત અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિમાં કલાત્મક રીતે રજુ થઈ પુરૂષોની ઉપેક્ષિત થતી લાગણીઓ અને યુવતીના મનની આંતરિક સફર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૪

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિમાં મંગળવારની સાંજ દર્શકો માટે મનમોહક બની રહી હતી. અમદાવાદ ખાતે આયોજિત આ કલા કાર્યક્રમોમાં રજુ થયેલ મનમોહક પ્રસ્તુતિઓને માણવા માટે મોટી સંખ્યામાં દર્શકો ઉમટી પડ્યા હતા. બેંગલુરૂ, દિલ્હી અને વડોદરા જેવા સ્થળોથી આવેલ કલાકારોએ નૃત્ય, સંગીત અને નાટ્ય પ્રસ્તૃતિની એક સમૃદ્ધ શ્રંખલા રજુ કરીર હતી. દર્શકોએ આ પ્રસ્તૃતિઓને અંતરના ઉમળકા સાથે માણી અને સહર્ષ આવકારી હતી. દર્શકોની મોટી ભીડ અને તાળીયોના ગડગડાટ સાથે મંગળવારની સાંજના માહોલને અનેરા ઉત્સાહથી ભરી દીધો હતો. ઉપસ્થિત રહેલ લોકોએ કલાકારો અને તેમની પ્રસ્તૃતિઓના વખાણ કર્યા હતા. જેથી સ્પષ્ટ થાય છે કે દર્શકો આ કાર્યક્રમ સાથે જોડાઈને પ્રસ્તૃતિઓને રસપૂર્વક આત્મસાત કરી રહ્યા છે. બેંગલુરૂની નૃત્યાંગના દેબપ્રિયા દાસે પોતાની પ્રસ્તૃતિ 'પરિક્રમા - અ જર્ની વિધિન' રજુ કરી હતી. આ પ્રસ્તૃતિના માધ્યમથી તેઓર પોતાની કલા અને પોતાની સફરને પોતાના દ્રષ્ટિકોણ સાથે રજુ કરીને એક ખાસ સંદેશ આપે છે. પોતાની ટીમ સાથે પ્રસ્તૃતિ રજુ કરતા દેબપ્રિયાએ બેલી ડાન્સિંગ અંગે લોકોના જુદા જુદા વિચારો રજુ કર્યા અને સાથે જ સ્પષ્ટ કર્યુ કે બેલી ડાન્સિંગ પણ દેશની એક ચોક્કસ સામાજિક સંરચનાનો જ ભાગ છે. પોતાની શાનદાર પ્રસ્તૃતિના માધ્યમથી દેબપ્રિયાએ આ નૃત્ય શૈલીને તેના સાર અને ભાવમાં કોઈ પરિવર્તન કર્યા વગર દર્શકો માટે પ્રાસંગિક બનાવી. વડોદરાના ગાયક મિશાલ આર. ભાટિયાએ પોતાની સંગીતમય પ્રસ્તૃતિ પુરૂષાર્થમ રજૂ કરી. આ પ્રસ્તૃતિના માધ્યમથી મિશાલે પુરૂષોના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્ય અંગેના અવારનવાર અગણવામાં આવતા વિષયો અંગે ચર્ચા કરી. તેમણે એર મહિલાઓની વાર્તાઓને સુંદર રીતે રજુ કરી, જે પોતાના જીવનમાં પુરૂષો અંગે ચર્ચા કરે છે અને પુરૂષો ઉપર લાદવામાં આવતા સામાજિક દબાણો અને અપેક્ષાઓને ઉજાગર કરે છે. પુરૂષોની લાગણીઓને મોટાભાગે નજરઅંદાજ કરવામાં આવે છે. નાની ઉંમરથી જ તેઓ જવાબદારીઓ સંભાળવા સક્ષમ હોવાનું માની લેવામાં આવે છે. સમાજની આ પ્રકારની માનસિંક્તા પુરૂષોને મોટા ભાગે પોતાની લાગણીઓ દબાવવા અને પીડા વ્યકત કરવાથી બચવા માટે પ્રેરીત કરે છે. પુરૂષાર્થમ નો ઉદ્દેશ્ય સમાજની આર માનસિક્તાને પડકારવી અને પુરૂષો પોતાની લાગણીઓ, સમસ્યાઓ અને પડકારોને અભિવ્યક્ત કરતા થાય તેવી સામાજિક સ્થિતી તૈયાર કરવાનો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# બાળવિવાહથી મુક્તિ

બાળવિવાહ મુક્ત ભારત અભિયાનની શરૂઆત બહુ સુખદ અને સ્વાગતયોગ્ય છે. બાળવિવાહને રોકવાના તમામ કાર્યો, યોજનાઓ અને કાયદાઓ છતાં જો સફળતા નથી મલતી, તો દેખીતું છે કે એક વિશેષ અભિયાન છેડીને કેન્દ્ર સરકારે પ્રશંસનીય પગલું ભર્યું છે. એમાં કોઈ શંકા નહીં કે 'બેટી બચાઓ-બેટી પઢાઓ'નો નારો અને તેના માટે કરવામાં આવેલા પ્રયાસ ઘણી હદે સફળ રહ્યા છે, પરંતુ એ બહુ અફસોસની વાત છે કે આજે પણ દેશમાં દર પાંચમાંથી એક છોકરીનાં લગ્ન ૧૮ વર્ષથી ઓછી ઉંમરે થઈ જાય છે.

કોઈ શહેરમાં જો એક વિવાહ સિઝનમાં ૧૦૦૦ લગ્નો થાયછે, તો તેમાંથી ૨૦૦ લગ્નોમાં છોકરીની ઉંમર કાયદેસર લગ્નલાયક નથી હોતી. બાળવિવાહની આ મોટી સંખ્યા છે, જેની ચિંતા કરીને કેન્દ્ર સરકારે જરૂરી સામાજિક સુધારની દિશામાં એક પગલું ભર્યું છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં લગભગ બે લાખ બાળવિવાહ રોકવામાં આવ્યા છે. મતલબ સામાજિક સંસ્થાઓ અને પોલીસ કામ તો કરી રહી છે, પરંતુ મંઝિલ હજુ દૂર છે.

એ સુખદ વાત છે કે બાળવિવાહ મુક્ત ભારત બનાવવા માટે તેમણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોથી ૨૦૨૯ સુધી બાળવિવાહના દરને પાંચ ટકા નીચે લાવવાના મકસદથી વિશેષ કાર્ય યોજના બનાવવાનો આગ્રહ કર્યો છે. યાદ રહે, બાળવિવાહની સર્વાધિક સંખ્યા પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, રાજસ્થાન, ત્રિપુરા, અસમ અને આંધ્ર પ્રદેશમાં છે. દેશમાં ૩૦૦ જિલ્લા એવા છે જ્યાં બાળવિવાહનો દર રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે. એવું લાગી રહ્યું છે કે લોકો બેટીઓનું જીવન તો બચાવી રહ્યાછે, પ્રાથમિક શિક્ષણ પણ આપવા લાગ્યા છે, પરંતુ તેમને વધુ ભણાવવા અને આગળ વધારવા પર તેમનું ધ્યાન નથી. બેટીઓની જ્યારે નાની ઉંમરે લગ્ન થઈ જાય છે તો શ્રમબળ રૂપે તેમની ઉત્પાદકતા, બલ્કે દેશની ક્ષમતા પર પણ અસર પડે છે. ભણેલી-ગણેલી છોકરી જો સમયસર પરણાવવામાં આવે તો તે પરિવાર અને સમાજ માટે ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત કરે છે. ઓછી ઉંમરે વિવાહથી ન માત્ર સંતાનોની ગુણવત્તા, બલ્કે પરિવારની આર્થિક-સામાજિક અને મનોવૈજ્ઞાનિક ક્ષમતા પર પણ અસર પડે છે. કેન્દ્રીય મંત્રીએ યોગ્ય જ કહ્યું છે કે બાળવિવાહ માનવાધિકારોનું ઉલ્લંઘન અને કાયદા અંતર્ગત અપરાધ છે. સારી વાત છે, સરકારે હવે એક રીતે માની લીધું છે કે કાયદાએ જેટલું કામ કરવાનું હતું તે તેણે કર્યું, તેની આગળ હવે વિશેષ અભિયાનની જરૂર છે. બાળવિાહને રોકવા માટે એકલા કાયદાના ભરોસે ન બેસતાં ઠોસ પ્રબંધ કરવા પડશે.

સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં કહેવાયું છે કે બાળવિવાહ દરમાં સૌથી મહત્ત્વપૂર્ણ વૈશ્વિક ઘટાડો દક્ષિણ એશિયાઈ દેશોમાં જોવા મળ્યો છે. જેમાં ભારતે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. નવા અભિયાન અંતર્ગત બાળવિવાહને રોકવા માટે બાળવિવાહ મુક્ત ભારત પોર્ટલનો પણ શુભારંભ કરવામાં આવ્યો છે. આ પોર્ટલ દ્વારા બાળવિવાહના વિરોધમાં જાગરૂકતા વધારવામાં આવશે. બાળવિવાહની સ્થિતિમાં અહીં ફરિયાદ પણ નોંધાવી શકાય છે. તેનાથી કાર્ય પ્રગતિનું નિરીક્ષણ પણ કરવામાં આવશે. બેશક, જો આ પોર્ટલને સાચી રીતે ચલાવવામાં આવ્યું, ગામડાં અને પંચાયતો સાથે જોડી લેવામાં આવ્યું, તો તે બાળવિવાહ વિરુદ્ધ કારગત સાબિત થઈ શકે છે. એ નિર્વિવાદ સત્ય છે ક દેશને વિકસિત બનાવવા માટે મહિલાઓની પૂરી શક્તિનો ઉપયોગ જરૂરી છે અને મહિલા શકિત વધારવા માટે બાળવિવાહ રોકવા જ પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંતોષથી હંમેશા સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

- પતંજલિ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૩, તા.૪ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨, પૂર્વાષાઢા નક્ષત્ર, ગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), રાત્રે ૧૧:૧૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
વૃષભ: આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મિથુન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
કન્યા: ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
તુલા: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
વૃશ્ચિક: સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
મકર: પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
કુંભ: વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
મીન: પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

ખેલ મહાકુંભ ૩.૦ (વર્ષ ૨૦૨૪-૨૫)

# રમશે ગુજરાત જીતશે ગુજરાતના મંત્રથી શરૂ થયેલ ખેલ મહાકુંભ ૩.૦ આવતીકાલથી ૩૧ માર્ચ ૨૦૨૫ દરમ્યાન યોજાશે : રમત ગમત મંત્રી હર્ષ સંઘવી




## ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૩૯ રમતો પૈકી ૩૨ ઓલમ્પિક સ્પોર્ટસ, ૭ ઈમર્જિંગ સ્પોર્ટ્સ, અને સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૨૫ પેરા સ્પોર્ટ્સ જેવી રમતોનું આયોજન

(જી.એન.એસ)

ગાંધીનગર, તા.૪

ખેલ મહાકુંભ ૩.૦માં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ ૦૫, ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે આ વર્ષે સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ માં શારિરીક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, વોલીબોલ અને સ્વીમીંગમાં ભાગ લઈ શકશે રાજ્યના રમત ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના યુવાનો રમત ગમત ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરે તે આશયથી વર્ષ -૨૦૧૦માં શરૂ કરેલ ખેલ મહાકુંભ ૩.૦ તા.૫ ડિસેમ્બર થી ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ યોજાશે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાનાર ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૩૯ રમતો , ૩૨ ઓલમ્પિક સ્પોર્ટસ, ૭ ઈમર્જિંગ સ્પોર્ટ્સ, અને સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ૨૫ પેરા સ્પોર્ટ્સ જેવી રમતોનું આયોજન કરવામાં આવનાર છે.

વધુમાં શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં વર્ષ-૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. તેનો મુખ્ય આશય યુવાનોમાં રમતગમત પ્રત્યે વધુ જાગૃતિ આવે, શારિરીક તદુંરસ્તી જળવાઈ રહે અને ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુથી ખેલ મહાકુંભનું ગ્રામ્યકક્ષાથી રાજયકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષ – ૨૦૧૦માં ૧૬ રમતોથી શરૂ થયેલો ખેલ મહાકુંભ વર્ષ - ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦માં ૩૯ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ખેલ મહાકુંભ ૨.૦ માં રેકોર્ડ બ્રેક ૬૬ લાખથી વધુ ગુજરાતના રમતવીરોએ ઉત્સાહપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. મંત્રી શ્રી એ કહ્યું કે, ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન, ખેલ મહાકુંભ ૩.૦માં કરવામાં આવેલ નવા ફેરફારો, વિજેતા ખેલાડીઓને પુરસ્કાર તેમજ દિવ્યાંગ ખેલાડીઓ માટેનો સ્પેશ્યલ ખેલ મહાકુંભ જેવી નવી બાબતોનો આ વર્ષે ખેલ મહાકુંભમાં આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભ ૩.૦ તા.૫ ડિસેમ્બર ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી યોજવામાં આવશે. આ ખેલ મહાકુંભ ૭ વિભિન્ન વયજુથ ધરાવતા ગ્રુપોમાં યોજવામાં આવશે. જેમાં અંડર-૯, ૧૧, ૧૪, ૧૭, ઓપન કેટેગરી, ૪૦ વર્ષથી વધુ તેમજ ૬૦ વર્ષથી વધુ વયજુથ ધરાવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ તા.૦૫, ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલ મહાકુંભનો ઉદ્‌ઘાટન સમારોહ ૦૪ અથવા ૦૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવશે. શાળા તેમજ ગ્રામ્ય કક્ષાની રમતોમા એથલેટીક્સ, કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનો આયોજન તા.૦૧ થી ૦૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કરવામાં આવશે, તાલુકાકક્ષાએ ૭ રમતો એથ્લેટીક્સ, ચેસ, યોગાસન, કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનું આયોજન તા.૬ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજવામાં આવશે. જિલ્લા કક્ષાએ આર્ચરી, આર્ટીસ્ટીક સ્કેટીંગ, એથ્લેટીક્સ, બેડમિન્ટન, ચેસ, જુડો, કરાટે, લોન-ટેનીસ, સ્કેટીંગ, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, ટેકવોન્ડો, કુસ્તી, યોગાસન, બાસ્કેટબોલ, ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, કબડ્ડી, ખોખો, રગ્બી, શુટીંગબોલ, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનું આયોજન તા.૧૫ જાન્યુઆરી ૩૧ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે.

ઝોન કક્ષાની રમતોમાં બાસ્કેટબોલ, ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, કબડ્ડી, ખોખો, શુટીંગબોલ, રસ્સાખેંચ, વોલીબોલ જેવી રમતોનું આયોજન ૦૧ થી ૧૩ ફેબ્રુઆરી સુધી યોજવામાં આવશે. રાજ્યકક્ષાએ રમતોનું આયોજન ૨ ફેઝમાં કરવામાં આવશે. જેમાં ફેઝ -૧- ૧૫ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ અને ફેઝ-૨- ૧૫ માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી ખેલ મહાકુંભ ૨.૦ નો આયોજન કરવામાં આવશે. જેમાં ફેઝ -૧ અને ફેઝ -૨ની રમતોમાં આર્ચરી, એથ્લેટીક્સ, બેડમિન્ટન, બોકસીંગ, ચેસ, સાયકલીંગ, ફેન્સીંગ, જીમ્નાસ્ટીક, ઘોડેસવારી, જુડો, કરાટે, લોન ટેનીસ, મલખંભ, શુટીંગ, સ્કેટીંગ, આર્ટીસ્ટીક સ્કેટીંગ, સોફ્ટ ટેનીસ, સ્પોર્ટ્સ કલાઈમ્બીંગ, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, ટેકવોન્ડો, વુડબોલ, વેઈટ લીફ્ટીંગ, કુસ્તી, યોગાસન, બાસ્કેટબોલ, બીચ વોલીબોલ, બીચ હેન્ડબોલ, ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, કબડ્ડી, ખો-ખો, રોલબોલ, રગ્બી, શુટીંગબોલ, સેપક ટકરાવ, રસ્સાખેંચ અને વોલીબોલ જેવી રમતોનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે સ્પે. ખેલ મહાકુંભ ૩.૦માં (૧) શારિરીક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, વોલીબોલ અને સ્વીમીંગમાં ભાગ લઈ શકશે, (૨) માનસિક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, સાયકલીંગ, બોચી, વોલીબોલ, બાસ્કેટબોલ, સ્વીમીંગ, રોલર સ્કેટીંગ, હેન્ડબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ક્રિકેટ, ફૂટબોલ, સોફ્ટબોલ જેવી રમતોનો સમાવેશ થાય છે, (૩) અંધજન દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ, (૪) બહેરામુંગા દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ, વોલીબોલ તેમજ (૫) સેરેબલ પાલ્સી દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, રમતમાં ભાગ લઈ શકશે ગુજરાતના ખેલાડીઓ અને પેરા ખેલાડીઓને આજે દેશમાં તેમજ વિશ્વ સ્તરે નવી ઓળખ હાસલ કરી રહ્યા છે, તેના મૂળમાં છે ખેલ મહાકુંભ... ખેલ મહાકુંભ ૩.૦ થકી ગુજરાતના છેવાડા વિસ્તારમાં રહેતો રમતવીર પોતાની રમતમાં આગળ વધી રાજ્યનું દેશમાં અને વિશ્વસ્તરે નામ રોશન કરશે તેમ મંત્રી શ્રીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

'પ્રાણીઓ – યાયાવર' પક્ષીઓ માટે ગુજરાત સુરક્ષિત રાજ્ય

# વન્યજીવ વસ્તી અંદાજ મુજબ વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં મોર, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત ૨૧ પ્રજાતિઓની અંદાજે ૯.૫૩ લાખથી વધુ વસ્તી





(જી.એન.એસ) તા.૪

વિવિધ જળ પ્લાવિત વિસ્તારોમાં ચાલુ વર્ષે અંદાજે ૧૮ થી ૨૦ લાખ યાયાવર પક્ષીઓ નોંધાયા છેલ્લા ૧૪ વર્ષમાં થોળ અને નળસરોવર પક્ષી અભયારણ્યમાં જળ પ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓમાં અનુક્રમે ૩૫૫ અને ૨૭૬ ટકાનો વધારો રાજ્યમાં પ્રથમ કચ્છના બન્ની વિસ્તારમાં 'ચિત્તા કન્ઝર્વેશન બ્રિડીંગ સેન્ટર' તૈયાર કરાશે ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. જેના ફળરૂપે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી પ્રાણીઓ - યાયાવર પક્ષીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત બન્યું છે. વન્યજીવ વસ્તી અંદાજ-ગણતરી મુજબ વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં મોર, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત અંદાજે ૨૧ પ્રજાતિઓની અંદાજિત ૯.૫૩ લાખથી વધુ વસ્તી નોંધાઈ છે, જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ જળ પ્લાવિત વિસ્તાર, તળાવ, સરોવરોમાં ચાલુ વર્ષે ૨૦૨૪માં અંદાજે ૧૮ થી ૨૦ લાખ યાયાવર પક્ષીઓ નોંધાયા છે.

એટલે કે તેમના માટે ગુજરાત પહેલી પસંદગીનું રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૦માં થોળ પક્ષી અભયારણ્યમાં ૩૧,૩૮૦ પક્ષીઓનું આગમન થયું હતું જે વર્ષ ૨૦૨૪માં વધીને ૧.૧૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓનું આગમન થયું છે. જ્યારે, નળ સરોવર પક્ષી અભયારણ્યમાં વર્ષ ૨૦૧૦માં ૧.૩૧ લાખથી વધુ યાયાવર પક્ષી નોંધાયા હતા જ્યારે વર્ષ ૨૦૨૪માં ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. છેલ્લા ૧૪ વર્ષમાં થોળ અને નળસરોવર પક્ષી અભયારણ્યમાં જળ પ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓનું અનુક્રમે ૩૫૫ અને ૨૭૬ ટકાનો વધારો નોંધાયો છે. જેના પરિણામે ગુજરાત 'પક્ષી જીવન' માટે 'સ્વર્ગ' તરીકે ઉભરી આવ્યું છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલના માર્ગદશનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણી-પક્ષી પ્રેમી સંસ્થાઓ દ્વારા પ્રાણી-પક્ષી સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વસ્તી અંદાજ-ગણતરી ૨૦૨૩ મુજબ રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોર ૨.૮૫ લાખથી વધુ, નીલગાય ૨.૨૪ લાખથી વધુ, વાંદરા ૦૨ લાખથી વધુ તેમજ જંગલી સુવર અને ચિત્તલ એક લાખથી વધુ જોવા મળ્યા હતા. આ ઉપરાંત ૯,૧૭૦ કાળીયાર, ૮,૨૨૧ સાંભર, ૬,૨૦૮ ચિંકારા, ૨,૨૯૯ શિયાળ, ૨,૨૭૪ દિપડા, ૨,૨૭૨ લોંકડી, ૨,૧૪૩ ગીધ, ૧,૪૮૪ વણીયર, એક હજારથી વધુ ચોશીંગા આ સિવાય નાર/ વરુ, રીંછ અને ભેંકર સહિત કુલ ૯.૫૩ લાખથી વધુ પ્રાણીઓ નોંધાયા છે.

ઢઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લી વર્ષ ૨૦૨૦ની ગણતરી મુજબ એશિયાઈ સિંહની સંખ્યા ૬૭૪થી વધુ, વર્ષ ૨૦૨૪માં યોજાયેલી ડોલ્ફિન ગણતરી મુજબ ૬૮૦ જેટલી ડોલ્ફિન તેમજ ૭,૬૭૨ જેટલા ઘુડખરની વસ્તી નોંધાઈ છે. જે સમગ્ર રાજ્ય માટે વન્યજીવ પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે. વન્યજીવ સંરક્ષણ-સંવર્ધન માટે વિવિધ પહેલ:- વન વિભાગની વન્યપ્રાણી શાખા દ્વારા રાજ્યના તમામ જિલ્લા સ્તરે ઉપસ્થિત થતા વન્યપ્રાણીઓ સંબંધિત મુશ્કેલીઓના નિવારણ અર્થે વન્યપ્રાણીઓના અવર જવર વાળા વિસ્તાર તેમજ સ્થાનિક લોકોના નિવાસના વિસ્તારોમાં વન્યપ્રાણી રેસ્ક્યુ રીલિઝ ઓપરેશન હાથ ધરવામાં આવે છે. વન્યપ્રાણી અને માનવ વચ્ચેના ઘર્ષણ નિવારવા અંગેના વિવિધ ઉપાયો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા કચ્છના બન્ની વિસ્તારમાં ચિત્તા કન્ઝર્વેશન બ્રિડીંગ સેન્ટર તૈયાર કરવા મંજૂરી મળી છે. આ બ્રિડીંગ સેન્ટર સંબંધિત વિવિધ પાસાઓના અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા ગુજરાતના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો- પાલપુર નેશનલ પાર્કની ફિલ્ડ વિઝીટની કરીને જરૂરી વિગતો એકત્રિત કરી છે. આ ઉપરાંત હાલ ગુજરાતમાં બ્રિડીંગ સેન્ટર ખાતે બ્રિડીંગ માટે રાખવામાં આવેલા વન્યપ્રાણીઓ તેમજ નવા જન્મેલ વન્યપ્રાણીઓ બ્રિડીંગ માટે જરૂરીયાત મુજબના વન્યપ્રાણીઓ રાખી અન્ય બ્રિડીંગ સેન્ટર તેમજ જંગલ વિસ્તારમાં સરપ્લસ વન્યપ્રાણીઓ મુકત કરવામાં આવ્યા છે.

રાજયમાં દર વર્ષે ઉત્તારાયણ દરમિયાન વન વિભાગ દ્વારા 'કરૂણા અભિયાન' હાથ ધરવામાં આવે છે જેમાં, પતંગની દોરી સહિત વિવિધ રીતે ઘાયલ હજારો પક્ષીઓને યોગ્ય સારવાર આપીને મુકત કરવામાં આવે છે. દર વર્ષે ૦૪ ડિસેમ્બરે 'વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ' ઉજવાય છે. આ દિવસે લુપ્તથતા વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત્ત થાય તે માટે દેશમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વન્યજીવો અને પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યજીવો અને પક્ષીઓ માટે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. જ્યારે શિયાળામાં યાયાવર પક્ષીઓ ગુજરાતની ભૂમિને હંગામી આશ્રયસ્થાન- ઘર બનાવે છે, જે રાજયના નાગરિકો માટે ગૌરવની વાત છે.

# ChatGPT, Google Gemini, Quillbot, Alexa જેવા AI ટૂલ્સ દરેક વય જૂથના ભારતીયો માટે દૈનિક કાર્યો કરવા માટે ઉપયોગી બની ગયા છે

## વિદ્યાર્થીઓ અને માતા-પિતાથી લઈને નિવૃત્ત અને ઉદ્યોગસાહસિકો સુધી, AI એ ભારતમાં જીવનનો એક ભાગ બની ગયું છે તેના ઉપર એક ઝડપી નજર

(એજન્સી) તા.૪

ઓપન AIના સીઈઓ સેમ ઓલ્ટમેને કહ્યું હતું કે, ભારતીય ટેક કંપનીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉર્ફે AI વિકસાવવામાં પ્રથમ વિશ્વ સાથે સ્પર્ધા કરશે એવી કોઈ આશા નથી, પરંતુ આજે દરેક વયજૂથના ભારતીયો પહેલેથી જ તેમના રોજિંદા કામકાજમાં આ નવી તક્નિકનો ઉપયોગ કરી રહ્યા છે. સ્માર્ટફોન સર્વવ્યાપક બની રહ્યો છે અને AI ટૂલ્સ ઈન-બિલ્ટ સાથે આવતા ઘણા ઉચ્ચ-અંતિમ ફોન સાથે, રોજિંદા જીવનમાં AIનો સ્વીકાર વધુ ઝડપી અને સરળ બની રહ્યો છે. આજે લોકો AIનો ઉપયોગ કરી રહ્યા છે તે વિવિધ રીતે અન્વેષણ કરે છે અને તે સમગ્ર દેશમાં વિવિધ વય જૂથોની વ્યક્તિઓ સુધી કેવી રીતે પહોંચ્યું. મુંબઈ યુનિવર્સિટીની ગ્રીષ્મી દેઢિયા કહે છે કે, વિદ્યાર્થીઓ માટે AI એક સરળ સાધન છે. વિદ્યાર્થીઓ માટે AI એપ્સ એક અભ્યાસ ભાગીદાર છે. મુંબઈ યુનિવર્સિટીના ૨૨ વર્ષીય ગ્રીશ્મી દેધિયા કહે છે કે, ઈતિહાસમાં MAના વિદ્યાર્થી તરીકે ChatGPTએ મારા સંશોધન અને શૈક્ષણિક કાર્યમાં નોંધપાત્ર વધારો કર્યો છે. તેણે મને અસાઈનમેન્ટ્સ, સંશોધન પેપર્સ અને થીસીસને અસરકારક રીતે ગોઠવવામાં મદદ કરી છે અને સમયમર્યાદા સાથે ટ્રેક ઉપર રહું છું. હું તેને વેબસાઈટ અને ફોન એપ્લિકેશન બંને દ્વારા સારાંશ જનરેટ કરવા અને જટિલ વિષયોની પ્રારંભિક આંતરદૃષ્ટિ આપવાનો આદેશ આપું છું. હું કન્ટેન્ટને રિફેસ કરવા માટે ક્વિલબોટનો ઉપયોગ કરૂં છું અને ઉન્નત આંતરદૃષ્ટિ મેળવવા માટે ગૂગલ જેમિનીનો પણ ઉપયોગ કરૂં છું.

**એલએમજીના લક્ષિતા ભુરા :**

કોલકાતામાં ISCની તૈયારી કરતી વિદ્યાર્થિની લક્ષિતા ભુરા કહે છે કે, તે વિવિધ રીતે ChatGPTનો ઉપયોગ કરે છે અને તેની વૈવિધ્યતા તેને સતત આશ્ચર્યચકિત કરે છે. ભલે તે મુશ્કેલ ખ્યાલને સ્પષ્ટ કરવાનું હોય, લાંબા વિષયોનો સારાંશ આપવાનું હોય અથવા પરીક્ષા-શૈલીના પ્રશ્નો સાથે પ્રેક્ટિસ કરવામાં મને મદદ કરવા માટે હોય, AI મારી સહાયક બની ગઈ છે. જ્યારે હું કંઈક સમજવા માટે સંઘર્ષ કરૂં છું, ત્યારે હું તેને સરળ શબ્દોમાં સમજાવવા માટે મારા ફોન ઉપર AI ટૂલને કહું છું અને તે ઘણી વખત પાઠ્યપુસ્તકો અથવા તો શિક્ષકો પણ ક્યારેક ચૂકી જાય છે તેવી સમજ આપે છે. મુંબઈની ૩૨ વર્ષીય ઈશા ચૌરે કહે છે કે, માતા-પિતા અને વાલીપણાની ટીપ્સથી લઈને પાર્ટી પ્લાનિંગ સુધી AI કામ કરે છે અને તે શાળાના બોર્ડ વિશેના નિર્ણયોને સરળ બનાવે છે, બાળકનું આયોજન કરે છે અને થીમ આધારિત જન્મદિવસની પાર્ટીઓનું આયોજન પણ કરે છે. AI મારો સમય બચાવે છે, હું મુખ્યત્વે ChatGPT અને ક્યારેક ક્યારેક Claude AIનો ઉપયોગ કરૂં છું. એ કાર્ય ઉપર આધાર રાખીને હું મારા ફોન અને લેપટોપ વચ્ચે સ્વિચ કરૂં છું. મારી પુત્રી હવે શાળાએ જાય છે, AIએ વિભાવનાઓને સરળ બનાવવા માટે મારા માટે ગુણદોષનો સ્પષ્ટ દૃષ્ટિકોણ આપે છે, જેથી હું વિશ્વાસપૂર્વક નિર્ણય લઈ શકું છું. જ્યારે હું અટકાઈ જાઉં છું, ત્યારે પરિસ્થિતિને SWOT વિશ્લેષણ અથવા ગુણદોષની સૂચિમાં વિભાજિત કરવા માટે હું ChatGPTને ટાઈપ કરીને ઓર્ડર કરૂં છું. મારી વિચાર પ્રક્રિયામાં માળખું ઉમેરવા માટે તે સરસ છે અને જ્યારે હું આ ટૂલ્સનો ઉપયોગ કરૂં છું, ત્યારે તે ખરેખર સ્માર્ટ પરંતુ બિન-જજમેન્ટલ મિત્ર સાથે ચેટ કરવા જેવું છે. ઉત્તરાખંડની ૨૫ વર્ષની માતા વૃતિ ખુરાના કહે છે કે, AI એ ગેમ ચેન્જર છે. હું ૧૦ મહિનાના બાળકની મમ્મી છું અને કેટલીકવાર બધું કામ કરવું જબરજસ્ત લાગે છે. જો કે, AIનો ઉપયોગ ગેમ-ચેન્જર રહ્યો છે. તે મને સ્વસ્થ વાનગીઓ શોધવામાં વ્યક્તિગત સંભાળ યોજનાઓ બનાવવામાં અને બાળક-સંબંધિત કાર્યોનું આયોજન કરવામાં, મારો સમય અને શક્તિ બચાવે છે. મારા ફોન ઉપર ChatGPT અને Google Gemini જેવા ટૂલ્સ વડે પરિસ્થિતિઓના ઉકેલો શોધવાનું સરળ છે. મને ઘરગથ્થું ઉપચારો અને દરજીના ઉકેલો મળે છે જે શ્રેષ્ઠ કામ કરે છે. AI મૂલ્યવાન વાલીપણા માટેની ટીપ્સ પણ પ્રદાન કરે છે. AIએ મારી




માતૃત્વની સફરને સરળ, વધુ કાર્યક્ષમ અને વધુ આનંદપ્રદ બનાવી છે. ગોરખપુરની ૭૮ વર્ષીય ઈશ્રાવતી અગ્રહરી કહે છે કે, AIએ ટેક-સેવી પૌત્રની જેમ છે જે દવાઓ વિશે યાદ અપાવવાથી લઈને જૂના ક્લાસિક્સ ગીતો સાંભળવા સુધી, AI તેના ડિજિટલ પાર્ટનર બની ગયા છે. તેણીના પૌત્રો દલીલ કરી શકે છે, પરંતુ AIએ Google કરતાં વધુ ઝડપથી તથ્યો સામે લાવે છે. એલેક્સા જેવા મારા અવાજ સહાયક સાધનો મને મારી દવાઓ લેવાનું, મારા છોડને પાણી આપવાનું અને મારા મનપસંદ ટીવી શોને રેકોર્ડ કરવા માટે પણ સેટ કરવાનું યાદ કરાવે છે, જ્યારે પણ હું મૂડમાં હોઉં ત્યારે મારા મનપસંદ જૂના ક્લાસિક્સ ગીતો વગાડે છે. આળસુ બપોરે હું વિચિત્ર પ્રશ્નો પૂછીને મારૂં મનોરંજન કરૂં છું. કોણ જાણતું હતું કે, આ ગેજેટ એક જ સમયે આટલું ઉપયોગી અને મનોરંજક હોઈ શકે છે ? તેણી કહે છે કે, AI તેણીને ડોક્ટરની મુલાકાત યાદ રાખવામાં મદદ કરે છે, તેણીના પૌત્રોની મનપસંદ વસ્તુઓની વાનગીઓ શોધવામાં મદદ કરે છે અને તેણીનું મનોરંજન માટે જોક્સમાં પણ મદદ કરે છે. હુગલી જિલ્લાના ૮૪ વર્ષીય ગીતા બેનરજી કહે છે કે, તેના પુત્રએ તેના સ્માર્ટફોનમાં ChatGPT ઈન્સ્ટોલ કર્યું છે. તે મને તે અત્યંત આકર્ષક લાગ્યું. હું તેને ખોલું છું અને શોધ વિકલ્પ દ્વારા મારી જરૂરી માહિતી ટાઈપ કરૂં છું અને મારી બધી ક્વેરી મળી જાય છે. હું વારંવાર મારા મનપસંદ ભક્તિ ગીતો શોધું છું અને તેઓ ખૂબ જ ચોકસાઈ અને વિગતો સાથે પ્રતિભાવ આપે છે. ઉત્તરપ્રદેશની ગૃહિણી ૫૦ વર્ષીય અનીતાજી કહે છે કે, AI ભોજનના આયોજનથી લઈને મારા બાળકોના મનોરંજન સુધીનું બધું જ સંભાળે છે. તેણીએ કહ્યું કે, તેણીની મનપસંદ AI રેસીપી સહાયક છે જે તેણીને રાત્રિભોજન અને પાર્ટીઓ દરમ્યાન મારો સમય બચાવે છે. એલેક્સા મને ફિટનેસ રૂટિન શીખવવાનો પ્રયાસ પણ કરે છે. ઝારખંડના આદિત્યપુરની ગૃહિણી રીતા ભગત કહે છે કે, તેણી તેના ફોન અને ટેબ્લેટ ઉપર Google AI સહાયક દ્વારા AIનો ઉપયોગ કરે છે. આ મારા દિવસમાં સંપૂર્ણપણે છે, ભોજનનું આયોજન કરતી વખતે મને મારા કુટુંબની આહાર પસંદગીઓને ટ્રેક કરવામાં મદદ કરે છે. ChatGPT મારા ફોન દ્વારા આવશ્યક વસ્તુઓ ઉપર બચત સાથે ખરીદી કરવાનું સૂચન કરે છે અને હું મારા એલેક્સા સાથે વ્યસ્ત સવારમાં શાંત સંગીત વગાડતી વખતે પણ AIનો ઉપયોગ કરૂં છું. તેણી કહે છે કે, તે મને પેન્ટ્રીમાં પહેલેથી શું છે તેનું વિશ્લેષણ કરીને ભોજનની યોજના બનાવવામાં મદદ કરે છે, હઠીલા ડાઘ માટે ઝડપી સફાઈ સૂચવે છે અને મને કુટુંબ અને મિત્રોના જન્મદિવસ વિશે પણ યાદ અપાવે છે. તે એક સાધન કરતાં વધુ મહત્ત્વનું બની ગયું છે; તે એક વિશ્વસનીય સહાયક છે જે મારા રોજિંદા પડકારોને સમજે છે અને જીવનને સરળ બનાવે છે. ગોરખપુરના અનિલ અગ્રહરી કહે છે કે, ભારતીય રેલવેમાંથી નિવૃત્ત થયા પછી મેં વિચાર્યુ કે મારૂં જીવન છેલ્લા સ્ટેશન ઉપર ખેંચાતી ટ્રેનની જેમ ધીમું પડી જશે. પરંતુ ChatGPT જેવા AI ટૂલ્સે વસ્તુઓને સરળતાથી ચાલતી રાખી છે. ફોન ઉપરની મારી વોઈસ સહાયક એપ્લિકેશન મને ડોકટરની મુલાકાતથી લઈને છોડને પાણી આપવા સુધીની દરેક વસ્તુની યાદ અપાવે છે.

# જાણીતા ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને ચેક રિટર્નના બે કેસમાં કોર્ટે ફટકારેલી એક વર્ષની સજા હાઈકોર્ટે મોકૂફ રાખી




અમદાવાદ, તા.૪

જાણીતા ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને ચેક રિટર્નના બે કેસમાં નીચલી કોર્ટે ફટકારેલી એક-એક વર્ષની કેદની સજાને ગુજરાત હાઈકોર્ટે વચગાળાની રાહતરૂપે મોકૂફ રાખી હતી અને વચગાળાના જામીન આપ્યા હતા. આ ઉપરાંત, સંતોષીના વોરંટ સામે પણ મનાઈ હુકમ જારી કર્યો હતો. નીચલી કોર્ટો દ્વારા કરવામાં આવેલા આદેશો સામે કરવામાં આવેલી બે અપિલોની પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ એમ.આર.મેંગડેએ રાજકુમાર સંતોષીને રૂા.૧૬.૫ લાખ એક સપ્તાહમાં હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવાની શરતે આ રાહત આપી હતી. આ કેસનીવધુ સુનાવણી આગામી તા. ૧૩ ફેબ્રુઆરીનાં રોજ હાથ ધરવામાં આવશે. રાજકોટના વેપારી અનિલ જેઠાણીને આપેલા ચેક રિટર્નના કેસમાં એવા આક્ષેપ કરાયા હતા કે, તેમણે ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને ૨૦૧૦માં રૂા.૧૭.૫ લાખ અને રૂા.૫ લાખ આપ્યા હતા અને વ્યાજ સાથે કુલ રૂા.૬૦ લાખ આપવાની સંતોષી દ્વારા બાંહેધરી આપવામાં આવી હતી. તેની સામે સંતોષી દ્વારે ચેક આપવામાં આવ્યા હતા. તે વર્ષ ૨૦૧૪માં બેંકમાં જમાં કરાવતા ફંડ નહિ હોવાથી પરત આવ્યા હતા. ત્યારબાદ જેઠાણી દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટુરમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. તમામ પક્ષકારોની સુનાવણી બાદ આ કેસમાં સ્થાનિક મેટ્રોપોલીટન કોર્ટે ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને એક વર્ષની સજા અને રૂા.૨૨.૫૦ લાખનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. જેની સામે નિર્માતા રાજકુમાર સંતોષીએ રાજકોટ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જો કે, સેસન્સ કોર્ટે સજાનો હુકમ યથાવત્ રાખી તેમની અપીલ ફગાવી હતી અને વોરંટ જારી કર્યુ હતું. આથી હાઈકોર્ટમાં અપીલો દાખલ કરાઈ હતી. રાજકુમાર સંતોષી તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, તેમણે આ કેસમાં રૂા. ૭ લાખ સેશન્સ કોર્ટમાં જમા કરાવ્યા છે અને બાકી રહેતી રકમ રૂા.૧૬.૫ લાખનો ડિમાન્ડ ડ્રાફ્ટ તૈયારછે અને તેઓ તે જમા કરાવવા તૈયાર છે. સુનાવણી દરમ્યાન જસ્ટિસ એમ.આર.મેંગડેએ જણાવ્યું હતું કે, અરજદાર ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી બાકી રહેતી રકમ રૂા.૧૬.૫ લાખ જમા કરાવવા તૈયાર છે ત્યારે તેમને વચગાળાની રાહત આપવી યોગ્ય જણાય છે. હાઈકોર્ટે અરજદાર ફિલ્મ નિર્માતાને રૂા.૧૬.૫ લાખ એક સપ્તાહમાં હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવાની શરતે તેમની સજાને મોકૂફ રાખતી વચગાળાની રાહત આપી હતી. સાથે સાથે વોરંટ સામે પણ સ્ટે જારી કર્યો હતો.

# શિક્ષણ બોર્ડની પરીક્ષા માટે અત્યાર સુધી ૧૩.૭૫ લાખ ફોર્મ ભરાયા

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા માટે હાલમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં અત્યાર સુધી ૧૩.૭૫ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાઈ ચુક્યા હોવાની વિગતો સામે આવી છે. જોકે, હજુ ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી હોવાથી આંકડો વધશે. ગતવર્ષે ૧૫.૩૯ લાખ જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં નોંધાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આપરીક્ષા માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની મુદત પુર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વીકારવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ છે ત્યારે અત્યાર સુધીમાં બોર્ડની પરીક્ષા માટે ૧૩.૭૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે. ધોરણ-૧૦ માટેના ફોર્મ ૨૨ ડિસેમ્બર સુધી સ્વીકારવામાં આવનાર છે, જ્યારે ધોરણ૧૨ સાયન્સના ફોર્મ પણ ૨૨ ડિસેમ્બર સુધી સ્વીકારાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૨૪ ડિસેમ્બર સુધી સ્વીકારવામાં આવશે. બોર્ડની પરીક્ષા માટે અત્યાર સુધી કુલ ૧૩૭૫૬૨૫ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. જેમાં ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૮૬૫૩૯૬ વિદ્યાર્થીઓનાફોર્મ ભરાયા છે. જ્યારે ધોરણ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૦૦૪૪૯ વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સમાં ૧૦૯૭૮૦ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. માર્ચ-૨૦૨૪ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૫.૩૯ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જેમાં ધોરણ-૧૦ માટે ૯૧૭૬૮૭ ફોર્મ ભરાયા હતા. જ્યારે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે ૧૩૧૯૮૭ ફોર્મ ભરાયા હતા. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૮૯૨૭૯ ફોર્મ ભરાયા હતા. આમ, કુલ ૧૫૩૮૯૫૩ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જોકે, ગત પરીક્ષાની સરખામણીમાં હજુ આ વખતે ૧૬૩૩૨૮ જેટલા ફોર્મ ઓછા ભરાયા છે, પરંતુ હજુ ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી હોવાથી આગામી દિવસોમાં વધુ સંખ્યામાં ફોર્મ ભરાયા બાદ આંકડો વધશે.

# આગામી ત્રણ દિવસ ગુજરાતીઓને ઠંડીથી રાહત મળે તેવી શકયતા

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં ફૂલ ગુલાબી ઠંડીનો માહોલ જામ્યો છે, ત્યારે આ ઠંડી વચ્ચે એક વિરામ આવ્યો હોય તેવી હવામાન વિભાગ આગાહી વ્યક્ત કરવામાં કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમ્યાન રાજ્યભરના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે એટલે કે બરોબર શિયાળો જામ્યો ત્યાં તાપમાનમાં વધારો થતાં ઠંડીનું જોર ઘટે તેવી સંભાવના છે. ગત નવેમ્બર માસમાં પણ તાપમાનમાં વધારો ઘટાડો સતત રહેતા ગુજરાતીઓને હાડ થીજવતી ઠંડીનો અનુભવ આ વર્ષે હજુ સુધી થયો નથી. ત્યાં ડિસેમ્બર મહિનાની શરૂઆતના દિવસોમાં જ લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં ઠંડીનું જોર ઘરશે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ગુજરાત ઉપર શિયાળાની ઋતુ દરમ્યાન ઉત્તર અથવા તો ઉત્તરપૂર્વીય દિશા તરફથી પવનો આવતા જેથી ઉત્તર ભારતમાં હિમાલયની ઠંડી ગુજરાત તરફ આવે છે, પરંતુ હાલમાં ગુજરાત ઉપર આવતા પવનની દિશા ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી છે. જેથી આગામી ત્રણ દિવસ દરમ્યાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધી વધારો થતા ઠંડીનું પ્રમાણ ઘટે તેવી શક્યતા છે. હાલમાં વાતાવરણના ઉપરી વિસ્તારમાં ભેજવાળા પવનો આવતા હોવાથી આગામી પાંચ દિવસ ગુજરાત રાજયમાં શુષ્ક વાતાવરણ રહેવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ યથાવત રહેશે. રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું હતું.

# સિંગાપોરને ભૂલી જાઓ તેવું એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ટૂંકાગાળામાં તૈયાર થશે

ગાંધીનગર,તા.૪

સુરત શહેર જે રીતે હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે જેને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ખાડી નજીક બનાવવામાં આવ્યું છે. ખાડી નજીક બાયોડાઈવર્સિટી પાર્કના નિર્માણથી શહેરને એક હરિયાળી અને પર્યાવરણપ્રિય ભેટ આપવાનો પ્રયાસ કર્યો છે. આ પાર્કને ખાસ કરીને એવા વૃક્ષો સાથે વિકસાવવામાં આવ્યું છે. જેની સુગંધ ચારેબાજુ ફેલાય અને નાગરિકોને પ્રકૃતિનો અનોખો અનુભવ આપી શકે. કોઈને ખબર પણ નહી પડશે કે સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ ખાડી નજીક છે. બે મહિનામાં સુરતની અંદર સાઉથ એશિયાનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ લોકો માટે ખુલ્લું મુકાશે. સુરત શહેરમાં 'વાઈલ્ડ વેલી બાયોડાયવર્સિટી પાર્ક' પ્રોજેક્ટ જૈવવિવિધતા અને પર્યાવરણ જાળવવા માટે મોખરાનું પગલું છે. ખાડીની બંને બાજુ ઉપર પડી રહેલી જમીનને કાયાકલ્પ કરીને સુરત મહાપાલિકાએ શહેરના ' ગ્રીન લંગ્સ' તરીકે ઓળખાતા વાઈલ્ડ વેલી બાયોડાયવર્સિટી પાર્ક પ્રોજેક્ટના વિકાસની શરૂઆત કરી હતી, જે પૂર્ણ થવાના આરે છે. આ પ્રોજેક્ટ શહેરમાં પર્યાવરણ જાળવવા, પ્રદૂષણ રોકવા અને સમજૂતીપૂર્વક ઈકોસિસ્ટમને વિસ્તૃત કરવા માટેની મહત્વકાંક્ષી યોજના છે. ચોમાસા દરમ્યાન ખાડીઓમાં વરસાદી પાણી સંગ્રહ થાય છે. જેનાથી પાણીનો પુર્નઃ ઉપયોગ બાગકામ માટે થશે. ફાયટોરેમિડેશન ટેકનીક દ્વારા ખાડીનું પ્રદૂષણ ઓછું કરવામાં મદદરૂપ થશે. ખાડીની દુર્ગંધ દૂર કરવી અને ખાડીના જળ પ્રદૂષણમાં ઘટાડો કરવો પ્રોજેક્ટના મુખ્ય હેતુઓમાં સામેલ છે. પાર્કમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવશે, જેનો ઉપયોગ તળાવો ભરવા અને અન્ય ઉપયોગી હેતુઓ માટે થશે. પ્રોજેક્ટના મુખ્ય હેતુઓમાં આ પાર્કના વિકાસથી જળ પ્રદૂષણ અટકાવવું, જમીનમાં પાણીનું ફરી વળે ભરાવો ઘટાડવો, અને નાગરિકો માટે સ્વચ્છ તેમજ શાંતિપૂર્ણ વાતાવરણ રચવાનું લક્ષ્ય છે. ખાડીની આજુબાજુ ૮૭.૫૦ હેકટર વિસ્તારમાં લગભગ ૬ લાખ વૃક્ષોનું વાવેતર કરાયો, જેમાં ૮૫ વિવિધ પ્રજાતિઓના વૃક્ષો અને છોડનો સમાવેશ થાય છે તો બીજી તરફ ૧૨ કિમી લાંબી વોકિંગ ટ્રેક, ૯ કિમી લાંબી સાયકલિંગ ટ્રેક, બાળકો માટે ખાસ રમવાનો પ્લે એરીયા, ઓપન એર મનોરંજનની જગ્યા, બર્ડ વૉચિંગ ટાવર, ડિસ્કવરી સેન્ટર વગેરે સુવિધાઓનો સમાવેશ કરાયો છે. રૂા.૧૦૮ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ થકી આ વિસ્તારના નામશેષ થતી ઝાડ અને છોડ માટે કુદરતી નિવાસસ્થાન ઉભું થશે. જે મધમાખી, પતંગિયા અને અન્ય જીવજંતુઓ માટે લાભકારી સાબિત થશે આ બાયો ડાયવર્સિટી પાર્ક અંગે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શાલીની અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર યુરોપિયન યુનિયન અને એએસડીની ટીમ સાથે મળીને આ પ્રોજેક્ટ ઉપર કામ કરી રહી છે. એટલે આ પાર્ક આંતરરાષ્ટ્રીય કક્ષાનો છે. આખો પાર્ક શહેરના મધ્યમાં બનાવવામાં આવ્યો છે. શહેરની ખાડીઓ, જ્યાં ડ્રેનેજનું ડમ્પિંગ થાય છે અને જે સ્થળ ગંદકીવાળું હોય છે. તેને સાફ કરી, ખાડીના બંને બાજુ આ બાયો ડાયવર્સિટી પાર્ક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રકૃતિના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને આ પાર્ક ડિઝાઈન કરવામાં આવ્યો છે

# ટ્રમ્પ ૨.૦ કેબિનેટમાં ૩ હિન્દુ ધારાસભ્યો કોણ છે ?

(એજન્સી) તા.૪

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કેબિનેટમાં ઘણા ભારતીય મૂળના સાંસદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આને ભારતની મોટી જીત તરીકે જોવામાં આવી રહી છે. તેમાંથી કેટલાકે માત્ર તેમની રાજકીય ઓળખ માટે જ નહીં પરંતુ તેમની ધાર્મિક માન્યતાઓ ઉપરના સ્પષ્ટ વલણ માટે પણ ચર્ચા જગાવી છે. પટેલની સાથે તુલસી ગબાર્ડ અને વિવેક રામાસ્વામી જેવા વ્યક્તિત્વોએ પણ તેમના હિન્દુ મૂળ માટે તમામનું ધ્યાન આકર્ષિત કર્યું છે. તુલસી ગબાર્ડનો ભારત સાથે કોઈ સીધો સંબંધ નથી, પરંતુ હિંદુ ધર્મ સાથે તેમનો ઊંડો જોડાણ,



ખાસ કરીને હરે કૃષ્ણ ફિલસૂફીના ઉપદેશો, તેમની ઓળખનો નિર્ણાયક ભાગ છે. તેણી હંમેશા તેના વિશ્વાસ વિશે ખુલ્લી રહે છે, ઘણી વખત સ્તોત્રો ગાતી અને પ્રાર્થના કરતી જોવા મળે છે. તેણીએ ઈરાકમાં તેની જમાવટ દરમ્યાન ભગવદ્ ગીતા પોતાની સાથે લીધી હતી અને ૨૦૧૬માં પવિત્ર ગ્રંથ ઉપર હાથ મૂકીને પદના શપથ લીધા હતા. કોંગ્રેસ મહિલા તરીકે ગબાર્ડે યુ.એસ.-ભારતના મજબૂત સંબંધોની હિમાયત કરવાની પોતાની પ્રાથમિકતા બનાવી, વડાપ્રધાન મોદીના સંયુક્ત રાષ્ટ્રને સમર્થન આપવા અને કોંગ્રેસમાં ભારતના હિતો માટે મજબૂત અવાજ બનવાનું વચન આપ્યું હતું. સ્પેસએક્સના સીઈઓ એલોન મસ્કની સાથે ટ્રમ્પે તેમના નવા ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીનું નેતૃત્વ કરવા માટે વફાદાર અને પૂર્વ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર વિવેક રામાસ્વામીની પસંદગી કરી. જ્યારે તેમની ધાર્મિક માન્યતાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે રામાસ્વામીએ ગર્વથી કહ્યું, 'હું હિંદુ છું અને મને તેનો ગર્વ છે. હું માનું છું કે મારી શ્રદ્ધા ધાર્મિક સ્વતંત્રતાના રક્ષણ માટે મારી પ્રતિબદ્ધતાને મજબૂત કરશે. રામાસ્વામી તેમના હિંદુ સાંસ્કૃતિક મૂળ સાથે ઓળખાવે છે, ઘણી વખત ચોક્કસ ધાર્મિક સિદ્ધાંતોને બદલે વ્યાપક, સાર્વત્રિક મૂલ્યો ઉપર ભાર મૂકે છે, તે સ્પષ્ટ કરે છે કે, જો તેમની મહત્ત્વની ભૂમિકા માટે નિમણૂક કરવામાં આવે છે તો કાયદાના શાસનમાં તેમની માન્યતા હશે. તે જ સમયે ડોનાલ્ડ ટ્રમ્પે ક્રિસ્ટોફર રેના સ્થાને કાશ પટેલને FBI ડાયરેકટર તરીકે નિયુકત કરીને વિવાદ સર્જ્યો હતો. ટ્રમ્પના મજબૂત સમર્થન અને 'ડ્રેન ધ સ્વેમ્પ' એજન્ડા માટે જાણીતા પટેલ અયોધ્યામાં રામ મંદિરના મુદ્દે પણ અવાજ ઊઠાવી રહ્યા છે.

તા.૬ અને તા.૭ ડિસેમ્બર બે દિવસ કાર્યક્રમ યોજાશે

# શુક્રવારે CM ભૂપેન્દ્ર પટેલ દાંતીવાડાથી રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪નો પ્રારંભ કરાવશે

## તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે

ગાંધીનગર,તા.૪

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આગમી તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ ‘‘રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪’’નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી ‘‘રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪’’નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજયભરના ૨૪૬ તાલુકા મથકોએ તાલુકા સ્તરનો રવિ કૃષિ મહોત્સવ યોજાશે. તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે. આ રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના ૨.૫ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.

તેમણે જણાવ્યું કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને સુપેરે આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ‘‘રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪’’નું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંગે વિસ્તૃત સમજ આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, આ બે દિવસીય મહોત્સવમાં વિવિધ ટેક્નીકલ માર્ગદર્શન સેમીનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતીશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિકસ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રીસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા તેમના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું પણ રાજ્ય સરકારે આયોજન કર્યું છે. આ બે દિવસીય મહોત્સવમાં ગુજરાતને કૃષિ ક્ષેત્રે નંબર-૧ બનાવવા માટે ચિંતન અને વિવિધ પ્રયાસો કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

# અમેરિકાએ ભારતને $૧.૧૭ બિલિયનના MH-60R હેલિકોપ્ટર ઈક્વિપમેન્ટના વેચાણને આપી મંજૂરી

## પ્રસ્તાવિત વેચાણ ભારતની સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને અપગ્રેડ કરીને વર્તમાન અને ભવિષ્યના જોખમોને રોકવાની ક્ષમતામાં સુધારો કરશે

નવી દિલ્હી,તા.૪

US પ્રમખ બાઈડનના વહીવટીતંત્રે ભારતને MH-60R મલ્ટી-મિશન હેલિકોપ્ટર ઈક્વિપમેન્ટ અને સંબંધિત ઈક્વિપમેન્ટના વેચાણને મંજૂરી આપી છે. આ ઈક્વિપમેન્ટની ખરીદ કિંમત $૧.૧૭ બિલિયન છે. રાજકીય-સૈન્ય મામલે US સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, સંરક્ષણ સુરક્ષા સહકાર એજન્સીએ કોંગ્રેસને એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે,

પ્રસ્તાવિત વેચાણ ભારતની સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને અપગ્રેડ કરીને વર્તમાન અને ભવિષ્યના જોખમોને રોકવાની ક્ષમતામાં સુધારો કરશે

અહેવાલ અનુસાર, પ્રમખ બાઈડનના વહીવટીતંત્રે તેની ચાર વર્ષની મુદત પૂરી થવાના થોડા અઠવાડિયા પહેલા જ ભારતને મોટા સંરક્ષણ ઈક્વિપમેન્ટના વેચાણને મંજૂરી આપી હતી. પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા પ્રમુખ તરીકે શપથ લેશે. નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ, ભારતે ૩૦ મલ્ટિફંક્શનલ ઈન્ફર્મેશન ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ-જોઈન્ટ ટેક્ટિકલ રેડિયો સિસ્ટમ ફેસિલિટીનો અભ્યાસ, ડિઝાઈન, નિર્માણ અને સહાય, સહાયતા અને પરીક્ષણ ઈક્વિપમેન્ટ, યુદ્ધ સામગ્રીની ખરીદીની અપીલ કરી છે.

આ વેચાણ માટે મુખ્ય કોન્ટ્રાક્ટર લોકહીડ માર્ટિન રોટરી અને મિશન સિસ્ટમ્સ છે. વેચાણના અમલીકરણના હેતુથી પ્રોગ્રામ ટેક્નિકલ સહાય અને સંચાલન દેખરેખ માટે અસ્થાયી ધોરણે ૨૦ US સરકાર અથવા ૨૫ કોન્ટ્રાક્ટરના પ્રતિનિધિઓની ભારત યાત્રાની જરૂર પડશે. આ પ્રસ્તાવિત વેચાણ USની વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા ઉદ્દેશ્યોને ટેકો આપશે, US-ભારત વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ મળશે અને મુખ્ય સંરક્ષણ ભાગીદારની સુરક્ષામાં સુધારો થશે. પ્રસ્તાવિત વેચાણથી સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને અપગ્રેડ કરીને વર્તમાન અને ભવિષ્યના જોખમોને રોકવાની ભારત સરકારની ક્ષમતામાં સુધારો થશે. ભારતને આ ઉપકરણો અને સેવાઓને તેના સશસ્ત્ર દળોમાં સામેલ કરવામાં કોઈ મુશ્કેલી નહીં પડે

# ગીર સોમનાથ જીલ્લા પોલીસનો વાર્ષિક રમતોત્સવ સુત્રાપાડા ખાતે યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૪

ગીર સોમનાથ પોલીસ દ્વારા પરિવારમાં સદ્‌ભાવના કેળવાય તેમજ માનસિક અને શારીરિક ફીટનેશ જળવાઈ રહે અને રમતગમતને પ્રોત્સાહન મળતું રહે તે હેતુસર ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા દ્વારા ‘પોલીસ વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪’નું સુત્રાપાડા જીએચસીએલ મેદાન અનુરાગનગર ખાતે આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનો પ્રારંભ રમતવીરોની માર્ચપાસ્ટથી કરાયો હતો. જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા વોલીબોલ મેચનો ટોસ ઉછાળી રમતનો શુભારંભ કરાવ્યો હતો. રમતોમાં ૫૦૦૦ મીટર દોડ સહિતની વિવિધ રમતો રાખવામાં આવી હતી. ૨૫૦થી વધારે મહિલા તથા પુરૂષ ખેલાડીઓએ આ રમતોત્સવમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહયા હતા.

# ખંભાળિયામાં નયારા એનર્જી દ્વારા મહિલા અને યુવા સશક્તિકરણ માટે મલ્ટિ સ્કિલ ટ્રેનિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૪



કૌશલ્યની અભિવૃદ્ધિ અને સ્થાનિક સમુદાયોને સશકત બનાવવા તેમજ પોતાની પ્રમુખ સી.એસ.આર. પહેલ પ્રોજેકટ એકસેલ (EXCEL)ના ભાગરૂપે નયારા એનર્જી દ્વારા ખંભાળિયા તાલુકામાં તાજેતરમાં નવા મલ્ટિ સ્કિલ ટ્રેનિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્રનો હેતુ ખંભાળિયાના શહેરી અને ગ્રામીણ યુવાનોની સાથે કંચનપુર, હર્ષદપુર, શક્તિનગર, હરીપર, દાંતા સહિતના આજુબાજુના ગામડાંઓની કૌશલ્યની જરૂરિયાતો પૂરી કરવાનો છે અને તેમાં મહિલા સશક્તિકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેના પ્રારંભિક તબક્કામાં મલ્ટિ સ્કિલ ટ્રેનિંગ સેન્ટર ત્રણ પાયાના અભ્યાસક્રમો: કોમ્પ્યુટર કોન્સેપ્ટ્સ (સી.સી.સી.), ટેલી એન્ડ એકાઉન્ટિંગ અને બ્યુટી એન્ડ વેલનેસ, શરૂ કરશે જેનો હેતુ વિધાર્થીઓને વ્યવહારમાં ઉપયોગી નિવડે એવા કૌશલ્યોથી સજ્જ કરવાનો છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને પરસ્પર વાતચીત અને વ્યવહારના કૌશલ્યો (ઈન્ટરપર્સનલ સ્કિલ્સ) વિકસાવવામાં અને પોતાનામાં આત્મવિશ્વાસ મેળવવામાં મદદ કરવા માટે જીવનમાં ઉપયોગી કૌશલ્યો, વ્યક્તિત્વ વિકાસ અને સામાન્ય અંગ્રેજીની તાલીમ પણ મળશે. આ કેન્દ્ર વિદ્યાર્થીઓને તેમના વ્યાવસાયિક વાતાવરણમાં અસરકારક સંચાર માટે આવશ્યક ભાષા કૌશલ્ય પણ પ્રદાન કરશે.

કેન્દ્રનું ઉદ્‌ઘાટન અહીંના જીલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા અને નયારા એનર્જીની વાડીનાર રિફાઈનરીના વડા અમર કુમારે કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાએ વિદ્યાર્થીઓને કૌશલ્યની વર્તમાન આવશ્યકતાઓ ઉપર જરૂરી સમજણ આપી હતી અને તેમની રોજગારી અને કારકિર્દીની સંભાવનાઓને સુધારવા માટે આ તકોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

ઉદ્‌ઘાટન સમયે નયારા એનર્જીના રિફાઈનરીના વડા અમર કુમારે કહ્યું હતું કે "આ પહેલનો ઉદ્દેશ્ય નજીકના વિસ્તારોમાં વિવિધ સામાજિક ઉત્થાન કાર્યક્રમોનો અમલ કરીને સામાજિક જવાબદારી પ્રત્યે નયારા એનર્જીની પ્રતિબદ્ધતા દર્શાવવાનો છે. શિક્ષણ, આરોગ્ય અને કૃષિમાં પહેલ ઉપરાંત કંપની આસપાસના વિસ્તારોના યુવાનોના કૌશલ્ય વિકાસ સક્રિય કામ કરી રહી છે. નયારા એનર્જી આસપાસના લોકોના જીવન ધોરણને સુધારવા માટે સતત કામ કરી રહી છે."

પ્રોજેકટ એકસેલ કૌશલ્ય વિકાસ, મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન, સામાજિક કલ્યાણ યોજનાઓની પહોંચ વધારવી અને ખેડૂતોને બહેતર બજારો સુધી પહોંચવામાં સહાય સહિત વિવિધ પહેલોનો સમાવેશ કરે છે. મલ્ટી સ્કિલ ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના લોકોને સશકત બનાવવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે નયારા એનર્જીના સમર્પણને પ્રકાશિત કરે છે.

# ખેતીવાડી ખાતાની કિસાન પરિવહન યોજના માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાશે

જૂનાગઢ, તા.૪

કૃષિ ઉત્પાદનના પરિવહન માટે રાજ્યના ખેડૂતો માટે કૃષિ ઉત્પાદન પરિવહન સરળ બનાવવાના હેતુસર માલ વાહક વાહન અને ટ્રેક્ટર ટ્રેલરની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજના કૃષિ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખેતીવાડી ખાતાની કિસાન પરિવહન યોજનામાં માલ વાહક વાહન અને ટ્રેક્ટર ટ્રેલર ઘટકમાં તા.૫/૧૨/૨૦૨૪થી ઓનલાઈન અરજીઓ મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે. જેની સહુ ખેડૂતમિત્રોએ નોંધ લેવા જણાવવામાં આવે છે. વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક અથવા તાલુકા પંચાયત કચેરીએ ખેતીવાડી શાખાનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

ભારત-ચીનના સંબંધો અંગનું નિવેદન

# સરહદ પર શાંતિ વિના બંને દેશોના સંબંધો સામાન્ય ન રહી શકે: એસ.જયશંકર

## બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહી છે

નવીદિલ્હી,તા.૪

ભારત અને ચીન વચ્ચે વર્તમાન સમયમાં સંબંધો કેવા છે, બંને દેશોની સરહદ પર સ્થિતિ છું ? તે અંગે વિદેશમંત્રી એસ.જયશંકરે લોકસભામાં તમામ જવાબ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, ‘બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહી છે. અમે પરસ્પર સહમતિથી વિવાદ ઉકેલવા માટે સંમત થયા છીએ. ચીને મે-જૂન ૨૦૨૦માં સરહદ પર અનેક સૈનિકો તહેનાત કર્યા હતા, જેના કારણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરવામાં સમસ્યા ઉભી થઈ હતી. ગલવાન ખીણમાં અથડામણ થયા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. પછી ભારતે પણ વળતો જવાબ આપી LCA પર મોટી સંખ્યામાં હથિયારો અને સૈનિકો તહેનાત કર્યા હતા.

તેમણે લોકસભામાં કહ્યું કે, ‘એલએસી પર ડિસએન્ગેજમેન્ટની કામગીરી પુરી થઈ ગઈ છે. લદાખ અને ડેમચોકમાં પણ કામગીરી પુરી કરી દેવાઈ છે. હવે અમે તણાવ ઘટાડવા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરી રહ્યા છીએ. નવી ટેકનોલોજીનો ઉપયોગ ઊંચાઈવાળા વિસ્તારોમાં કરવામાં આવશે. અમે આપણા સૈનિકોની મદદ કરવા માટે તત્પર છે. આપણા સંબંધો ચીન સાથે સુધરી રહ્યા છે, જોકે ઘર્ષણ પહેલા જે સંબંધો હતા, તેવા સંબંધો હાલ સંપૂર્ણ સુધર્યા નથી. આગામી સમયમાં અમે ચીન સાથે ચર્ચા કરીશું કે, હવે વિવાદ ન થવો જોઈએ.’ ’તેમણે ભાષણમાં કહ્યું કે, ‘વર્ષ ૧૯૯૧માં બંને દેશો એલએસપી પર શાંતિ જાળવવા માટે સંમત થયા હતા. ૧૯૯૩માં એલએસી પર શાંતિને બહાલી આપવા માટે સહમતી યથાવત્ રાખી હતી. બંને દેશો સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે. બંને દેશો વચ્ચે જ્યારે પણ બેઠક કરવામાં આવી છે, ત્યારે તે સમજૂતીને યાદ કરવામાં આવી છે. ભારત તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે, હવે આગામી સમયમાં આવી ઘટનાઓ ન બનવી જોઈએ.’ તેમણે એમ પણ કહ્યું કે, ‘તાજેતરના અનુભવો થયા બાદ અમે સરહદ પર વધુ કડક કાર્યવાહી કરી છે. બંને પક્ષો સરહદ પર કડકાઈથી સુરક્ષાનું પાલન કરી રહ્યા છે. સરહદ પર અગાઉ જેવી ઘટનાઓ બનતી હતી, તેવી ઘટનાઓ હવેના સમયમાં ન બની, તે માટે સમજુતીનું પાલન કરવું જરૂરી છે. સરકારે કહ્યું છે કે, જ્યાં સુધી સરહદ પર સ્થિતિ સામાન્ય ન થાય, ત્યાં સુધી ભારત-ચીન વચ્ચેના સંબંધો હજુ સામાન્ય ન થઈ શકે. અમે સ્પષ્ટ કહી રહ્યા છીએ કે, શાંતિ અને સમજુતી વગર જ સંબંધો સારા બમવાની ગેરેંટી છે. ચીનના વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રીએ પણ ચીનના સમકક્ષો સાથે વાત કરી છે.

જયશંકરે કહ્યું કે, લદાખમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે દર્શાવે છે કે, સરકાર આપણા સૈનિકો માટે મદદ કરવાની તત્પર છે. આપણા ચીન સાથે સંબંધો આગળ વધી રહ્યા છે. એ હકીકત છે કે, અગાઉની ઘટનાઓના કારણે ભારતના ચીન સાથે સંબંધો બગડ્યા હતા. આગાની દિવસોમાં ચીન સાથે સરહદ વિવાદ ન થવા મુદ્દે ચર્ચા કરાશે.



કાળા નાણાં સાચવવાની ચિંતામાં જ કાળા પડી જઈએ છીએ!



ઘરમાં બરાડા પાડવાના રહેવા દો, સંસદમાં તમારે એજ કાર્ય કરવાનું છે.!

### સ્વામી રામકૃષ્ણ પરમહંસના આશીર્વાદ અને કૃપાથી

# રાજકોટમાં પ્રજ્ઞા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, સંસ્કાર, સેવાની ત્રિવિધ પ્રવૃત્તિનો ૨૨ વર્ષથી ચાલતો 'અનોખો સેવાયજ્ઞ'ની સુવાસ ચોમેર પ્રસરી

## અનાથ-ઝૂંપડપટ્ટીના બાળકોમાં જ્ઞાન, વૃદ્ધાશ્રમના-વૃદ્ધોના જીવનમાં આનંદના રંગ પુરતી સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્ર મારફતે બિરદાવીને શુભકામના પાઠવી





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૪

રાજકોટ ઉદ્યોગ, ઈનોવેશન, ખાણીપીણીની સાથે-સાથે સમાજ સેવા ક્ષેત્રે પણ બહુમુખી પ્રતિભા ધરાવે છે. રાજકોટનું પ્રજ્ઞા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ અનાથ તેમજ ઝૂંપડપટ્ટીનાં બાળકોને શિક્ષણ અને કૌશલ્ય આપવા સાથે સંસ્કાર ઘડતર કરવાનું તેમજ વૃદ્ધાશ્રમના વડીલોની સેવા કરવા સાથે જીવનની ઢળતી સંધ્યાએ આનંદના રંગ પૂરવાનું કામ કરે છે. છેલ્લા ૨૨ વર્ષથી ચાલતી સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની સુવાસ ચોમેર પ્રસરી છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેની નોંધ લઈને તેમને પત્ર મારફતે વિશેષ શુભકામનાઓ પાઠવી છે. રાજકોટના રૂડાનગર-૨ વિસ્તારમાં રહેતા શ્રી તક્ષ મિશ્રા પ્રજ્ઞા એજ્યુ. એન્ડ ચેરિ. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસના આશીર્વાદ અને કૃપાથી જ આ બધું થવું હોવાનું તેઓ નમ્રભાવે કહે છે. તક્ષ મિશ્રાએ પોતાના ઘર 'આસ્થા'નો પહેલો તથા બીજો માળ બાળકોની વિવિધ પ્રવૃતિઓ માટે સમર્પિત કરી દીધો છે. આસપાસની ઝૂંપડપટ્ટીમાં રહેતા, તેમજ અનાથઆશ્રમના બાલ-બાલિકાઓને અહીં અભ્યાસના ટ્યુશન તો અપાય જ છે, ઉપરાંત શ્રીમદ ભગવત ગીતા, રામાયણ, સુંદરકાંડ વગેરે જેવા ધાર્મિક, નૈતિક જીવન મૂલ્યો શીખવતા પુસ્તકો થકી સંસ્કાર ઘડતર કરાય છે. આ સાથે કમ્પ્યુટર, રોબોટિક્સ, સિલાઈ કામ, ચિત્રકામ તેમજ વિવિધ સ્કીલની તાલીમ પણ આપવામાં આવે છે. બાળકોને અહીં ભોજન પણ અપાય છે. રોજ સાંજે શાળા છૂટ્યા પછી બાળકો હોંશે હોંશે અહીં પહોંચી જાય છે અને વિવિધ પ્રવૃત્તિઓમાં શિસ્ત સાથે જોડાય છે. દર સપ્તાહે એક ટીમ મનપસંદ ગીતો પર અચૂક ગરબા રમે છે. હાલમાં ૧૩૦ જેટલા બાળકો નિયમિત રીતે વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ થઈ રહ્યા છે. તક્ષ મિશ્રાના જણાવ્યા પ્રમાણે, હાલમાં સંસ્થાના માધ્યમથી ઝૂંપડપટ્ટીના ૮૨ બાળકો શહેરની નામાંકિત સ્કૂલોમાં અભ્યાસ કરી રહ્યા છે. જેની ફી પણ સંસ્થા દ્વારા ચૂકવવામાં આવે છે. સંસ્થાની મહત્વની સિદ્ધિ એ છે કે, અત્યાર સુધીમાં આવા ૧૪ બાળકો એન્જિનિયર બન્યા છે, એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરે છે, એક દીકરી મેડિકલમાં અભ્યાસ કરે છે, બે દીકરી બી.એડ. કરે છે, એક દીકરી ક્લિનિકલ સાયકોલોજીમાં અભ્યાસ કરે છે. પ્રજ્ઞા ટ્રસ્ટ દ્વારા વિવિધ વૃદ્ધાશ્રમોમાં જઈને વડીલોની સેવા કરવામાં આવે છે. વડીલોના નખ કાપી દેવા, માથામાં તેલ નાખી દેવું, હાથ-પગમાં મસાજ, તેમને મધૂર-મનપસંદ ગીતો-ભજન સંભળાવવા, ધાર્મિક સિરિયલ્સ બતાવવી, વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ કરાવવી, વાર-તહેવારે તેમને બહાર સારી રેસ્ટોરાં કે હોટેલમાં ભાવતા ભોજન માટે લઈ જવા, વિવિધ પ્રસંગોએ રામલીલાનું આયોજન કરવું, જેમાં વૃદ્ધો જ રિહર્સલ કરીને એક્ટિંગ કરે, હવન કરવો, સમયાંતરે મેડિકલ ચેકઅપ, દવા પહોંચાડવી વગેરે સેવાકાર્યો કરવામાં આવે છે. કેવી રીતે થઈ આ બધી પ્રવૃત્તિઓની શરૂઆત! તે અંગે તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૦૨માં કમ્પ્યુટર ક્લાસિસના ઉદઘાટન માટે રામકૃષ્ણ મિશનના સ્વામી જિતાત્માનંદજીને મળવા ગયા હતા. એ સમયે માતા શારદાની ૧૫૦મી જન્મ જયંતિ હતી. આ સમયે સ્વામીજીએ જરૂરિયાતમંદ લોકો માટે સામાજિક સેવા કરવાની પ્રેરણા આપી. એ સમયે ચાર વૃદ્ધાશ્રમ, એક અનાથાશ્રમ અને મધર ટેરેસાની સંસ્થા – એમ છ સંસ્થામાંથી વૃદ્ધો, બાળકો, મનોદિવ્યાંગો, પ્રજ્ઞાચક્ષુઓને બહાર હોટેલમાં લઈ જઈ પંજાબી ભોજન કરાવ્યું હતું. એ પછી ઝૂંપડપટ્ટીમાં બાળકોને ભણાવવા જતાં, ત્યારે ધ્યાને આવ્યું કે, અહીંના લોકોને દવાની પણ જરૂર છે. આથી તેમને ડોક્ટરે સૂચવેલી દવાઓ પહોંચાડવાનું કાર્ય પણ શરૂ થયું. ઉપરાંત મધર ટેરેસાની સંસ્થામાં જઈને પણ સેવાકાર્ય શરૂ કરાયું. ધીમે ધીમે કાર્ય વિસ્તરતું ગયું અને લોકો પણ જોડાતા ગયા. તેઓ ઉમેરે છે કે, બાળકો, વૃદ્ધોને લાવવા-લઈ જવા માટે વાહનોની સેવા એક શાળા તેમજ એક સેવાભાવી દ્વારા પૂરી પાડવામાં આવે છે. વૃદ્ધોને જમાડવા લઈ જઈએ ત્યારે રાજકોટની કેટલીક જાણીતી હોટેલ બિલના પૈસા પણ નથી લેતી અને વડીલો-બાળકોને નિયમિત રીતે ભોજન માટે લઈ આવવા આગ્રહ કરે છે. પ્રજ્ઞા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકો, વૃદ્ધો, પ્રજ્ઞાચક્ષુ બાળકો, મનોદિવ્યાંગો, બહેનો વગેરે માટે અનેકવિધ સેવાકાર્યો ચાલી રહ્યા છે. આજે ૬૨ જેટલી સંસ્થાઓ તેમજ વિવિધ સેવાભાવીઓ આ સંસ્થા સાથે જોડાઈને સેવાકીય કાર્યો થકી બાળકો, વૃદ્ધોના ચહેરા ઉપર સ્મિત રેલાવી રહ્યા છે.

# ગીર સોમનાથમાં ૧ હજાર વીઘાથી વધુની ગૌચરની જમીન પર બુલડોઝર ફેરવી દેવાયું



વેરાવળ તા.૪

ક્યાંક ગૌચરની જમીન પર બુલડોઝર ચાલ્યાં તો ક્યાંક ઉભા પાક પર ટ્રેક્ટરો ફેરવી દેવાયાં ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર ગેરકાયદે દબાણોને લઈને એક્શન મોડમાં છે. પહેલા તેમણે ગેરકાયદે દબાણો પર તવાઈ બોલાવી અને હવે હજારો વીઘાના ગૌચર પર થયેલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. ૧ હજાર વીઘાથી વધુની ગૌચરની જમીન પર બુલડોઝર ફર્યુ છે.ગીર ગઢડાના ધોકડવા ગામે દબાણો હટાવાયા કામગારી તેજ કરવામાં આવી છે. પોલીસ બંદોબસ્ત વચ્ચે ૧ હજાર વીઘાથી વધુની જગ્યાઓ પર દબાણો દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. ક્યાંક ગૌચરની જમીન પર બુલડોઝર ચાલ્યાં તો ક્યાંક ઉભા પાક પર ટ્રેક્ટરો ફેરવી દેવાયાં તો ક્યાંક આંબાના બગીચાઓના ગેરકાયદે દબાણો દૂર કર્યું છે. ગૌચરની જમીન પર સ્થાનિક લોકો અને ખેડૂતોએ ગેરકાયદે કબજો કરી લીધો હતો જ્યાં તંત્રનું જેસીબી ચાલ્યું છે. પોલીસના સુસ્ત બંધોબસ્ત વચ્ચે ૫ જેસીબી દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે.અગાઉ પણ ગીરસોમનાથના દેવળી ગામમાં જ્યાં ૭૦૦ વીઘા ગૌચરની જમીન પર સ્થાનિક લોકો અને ખેડૂતોએ ગેરકાયદે કબજો કરી લીધો હતો અને તેના પર ખેતી કરતા હતા. એટલું જ નહીં કેટલાક લોકએ તો નાળિયેરીના ઝાડનું પણ વાવેતર કરી નાખ્યું હતું. પરંતુ સરપંચની રજૂઆત પછી કલેક્ટરે આદેશ આપ્યા અને જિલ્લા વહીવટી તંત્રની ટીમ પોલીસ પ્રોટેક્શન સાથે દેવળી ગામ પહોંચી ગઈ. ગૌચરની જમીન પર જેટલું પણ દબાણ હતું. તે બધુ તોડી પાડવામાં આવ્યું. ગેરકાયદે બગીચા બનાવ્યા હતા તે ઉખાડી ફેંકવામાં આવ્યા. તો મગફળીના પાકમાં ટ્રેક્ટરો ફેરવી દેવાયાં. આમ સતત ત્રણ દિવસથી દેવળી ગામમાં ગૌચરની જમીન ખુલ્લી કરાવવાની કામગીરી ચાલી રહી છે અને આ કામગીરીથી સ્થાનિક લોકો પણ ખુશ જોવા મળ્યા હતા.

# સોમનાથ મંદિર પાસે ટોઈંગ વાહન અમલીકરણ કરતા પહેલા ફ્રી ટુ-વ્હીલર પાર્કીંગ સ્થળો નિશ્ચીત કરો





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૪

સોમનાથ પ્રભાસ-પાટણમાં પહેલી ડિસેમ્બરથી રસ્તા ઉપર પાર્ક થયેલા ટુ વ્હીલર વાહનો ટોઈંગ કરવા માટેની કાયમી ઝુંબેશ શરૂ થઈ છે. વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે આવતા યાત્રિકો-પ્રવાસીઓ ટુ વ્હીલર પાર્કીંગ સ્થળોને અભાવે રોડની સાઈડ ઉપર પાર્કીંગ કરે છે. પરંતુ આ ઝુંબેશ શરૂ થતા હવે વાહનો ટોઈંગ-ડીટેઈન થવા શરૂ થઈ ચુકયા છે. જેને કારણે યાત્રિકો મુશ્કેલીઓમાં મુકાય છે અને પારાવાર હાડમારી પણ ભોગવે છે. સાથો સાથ નિયમ પણ પળાય છે. સોમનાથ ટ્રસ્ટે અહલ્યાબાઈ સોમનાથ મંદિર સામે આવેલા ભોજનાલય ભવનના શરૂના ઝાડ પાસે પાર્કીંગ માટે સ્થળ બોર્ડ લગાવી જાહેર કરવું જોઈએ. લીલાવંતી અતિથી ગૃહ અને સામી બાજુ રામવાડી સાઈડમાં આવેલ મોટી અને ઉંચી ફુટપાથ નાબુદ કરી ત્યાં સફેદ પાટા દોરી પાર્કીંગ સ્થળ ટુ વ્હીલર અને નાની કારો માટે ફ્રી પાર્કીંગ સ્થળ તાકીદે શરૂ કરવું જોઈએ. ગૌરીકુંડ પાસે આવેલ જુના પાર્કીંગ દરવાજા ગેટમાં અંદર સુધી ટુ વ્હીલર પાર્કીંગ ફ્રી જાહેર કરવું તાકીદે જરૂરી છે.

# જૂનાગઢની સિવીલ હોસ્પીટલ ખાતે ૫, ૬, ૭ ડીસેમ્બરે વિના મુલ્યે બાળકોની સર્જરીનો કેમ્પ યોજાશે

જૂનાગઢ તા. ૪

સિવિલ હોસ્પિટલ જૂનાગઢ તથા મિશન સ્માઈલના સંયુક્ત ઉપક્રમે સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે આગામી તારીખ ૫, ૬ તથા ૭ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ કલેફ્ટ લિપ તથા કલેફ્ટ પેલેટની સર્જરી વિનામૂલ્યે કરવામાં આવશે. તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ પીડિયાટ્રિક્સ વિભાગની ઓપીડી રૂમ નંબર ૨૦૫ બીજો માળ સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે કલેફ્ટ લિપ તથા કલેફ્ટ પેલેટ માટે દર્દીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવશે. સ્કીનિંગ કર્યા બાદ દર્દીને પીડિયાટ્રિક્સ વિભાગના વોર્ડ રૂમ નંબર ૬૦૧ છઠ્ઠા માળે દાખલ કરવામાં આવશે તથા તારીખ ૬ અને ૭ ના રોજ સિવિલ હોસ્પિટલ ત્રીજા માળે ઓપરેશન થિયેટરમાં કલેફ્ટ લિપ તથા કલેફ્ટ પેલેટની સર્જરી કરવામાં આવશે. આ તમામ સર્જરી વિનામૂલ્ય કરવામાં આવશે. આ સર્જરીની પ્રક્રિયામાં સિવિલ હોસ્પિટલના જનરલ સર્જરી વિભાગ, પીડીયાટ્રીક્સ વિભાગ તથા એનએસથેસિયા વિભાગના ડોક્ટરો મિશન સ્માઈલની ટીમ જેમાં બે પ્લાસ્ટિક સર્જન ડોકટર્સ, એનએસથેસિયાના ડોક્ટર તથા ઓટી ટેક્નિશિયનના સંકલનમાં રહી કામગીરી કરશે. કલેફ્ટ લિપ તથા કલેફ્ટ પેલેટને લીધે બાળકોને ઘણી બધી મુસીબતોનો સામનો કરવો પડતો હોય છે.

આ સર્જરી કર્યા બાદ બાળકો તદન નોર્મલ જીવન જીવી શકે છે. તથા કોઈ પણ પ્રકારની ખોડખાંપણ રહેતી નથી. આ કેમ્પ વિના મૂલ્યે કરવામાં આવનાર હોય વધુને વધુ લોકોને આ કેમ્પનો લાભ લેવા યાદીમાં જણાવેલ છે.

# બરડીયા નજીકના પેટ્રોલ પંપમાં ઉધાર પેટ્રોલ ભરાવી, રોકડ રકમની માંગણી કરતા શખ્સોએ બોલાવી બઘડાટી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

દ્વારકા નજીક આવેલા બરડીયા ગામ પાસેના એક પેટ્રોલ પંપ ખાતે રવિવારે સાંજના સમયે ચાર શખ્સોએ બોલાચાલી કરી, અને અહીં રહેલા કર્મચારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દ્વારકા તાલુકાના બરડીયા ગામે રહેતા અને રેલવે ફાટક પાસે આવેલા હિન્દુસ્તાન પેટ્રોલિયમના પેટ્રોલ પંપમાં નોકરી કરતા દેરાજભા જેઠાભા બઠીયા નામના ૨૫ વર્ષના હિન્દુ વાઘેર યુવાન રવિવાર તા. ૧ ના રોજ સાંજના સમયે પેટ્રોલ પંપ ખાતે હતા, ત્યારે અહીં બરડીયા ગામનો દેવરાજભા મુરુભા સુમણીયા નામનો શખ્સ આવ્યો હતો. તેણે પ્લાસ્ટિકની બોટલમાં ૯૦ રૂપિયાનું ઉધાર પેટ્રોલ ભરી દેવા તેમજ રૂપિયા ૧૫,૦૦૦ ઉછીના આપવા માટે માંગણી કરી હતી.જે અંગે ફરિયાદી દેરાજભાએ ના કહેતા અહીં આવેલા દેવરાજભા તેમજ અન્ય આરોપીઓ ડેપાભા મુરૂભા સુમણીયા, વેજાભા હાઠીયાભા સુમણીયા અને વેજાભા જગાભા માણેક નામના ચાર શખ્સોએ આવી, અને લોખંડની સાંગાણી (કોસ) વડે માર મારી, ગંભીર ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ ઘટનામાં ઈજાગ્રસ્ત યુવાનને ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. ઉપરોક્ત બનાવના સી.સી. ટી.વી. ફૂટેજ પણ વાયરલ થયા છે. જે અંગે દ્વારકા પોલીસે ભારતીય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ દ્વારકાના એ.એસ.આઈ. બી.વી. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ભાણવડના ખનીજ ચોરીના આરોપીઓને સાડા ત્રણ વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ભાણવડ પંથકમાં આજથી આશરે ૧૩ વર્ષ પૂર્વે નોંધાયેલા બેલા પથ્થરની ખનીજ ચોરી પ્રકરણમાં ખંભાળિયાની એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ કોર્ટમાં ચાલી ગયેલા કેસમાં પ્રથમ વખત આરોપીઓને અદાલતે સાડા ત્રણ વર્ષની સખત કેદ તેમજ રોકડ રકમનો દંડ કરતો હુકમ ફરમાવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અગાઉ અનેક વખત ખનીજ ચોરીના કેસ થયા હતા. પરંતુ પ્રથમ વખત ખનીજ ચોરીના કેસમાં સજાનો હુકમ થયો છે. જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી લંબાણપૂર્વકની દલીલોને ધ્યાને લઈ અને ખંભાળિયાના એડિશનલ સેશન્સ જજ શ્રી એસ.જી. મન્સૂરી દ્વારા જુદી જુદી કલમ હેઠળ તમામ આરોપીઓને સાડા ત્રણ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલને ઘણીખમ્મા : દ્વારકાધીશના સાંનિધ્યમાં ગૌમાતા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૪

દ્વારકા યાત્રાધામમાં આવેલાં દ્વારકાધીશ રાજાધિરાજ સ્વરૂપે બિરાજે છે. દ્વારકા એ શ્રીકૃષ્ણની કર્મભૂમિ હોવા છતાં અહીં શ્રીકૃષ્ણ જન્મથી લઈને તેમણે કરેલ સંપૂર્ણ લીલાઓના પ્રસંગોની ઉત્સાહભેર ઊજવણી થાય છે. શ્રીકૃષ્ણએ બાલ્યકાળમાં ગોકુળમાં ગ્વાલા સ્વરૂપે ગાયો ચરાવી હોય શ્રીકૃષ્ણને ગૌમાતા અતિપ્રિય હોય જગતમંદિરમાં વારાદાર પૂજારી પરિવાર દ્વારા ગર્ભગૃહમાં ઠાકોરજીની પ્રતિમા સન્મુખ ગૌમાતાના દર્શન ભાવિકોને કરાવ્યા હતા. ભાવિકોએ આ દિવ્ય દર્શન નિહાળી ધન્યતા અનુભવી હતી.

# ખંભાળિયા-દ્વારકા માર્ગ ઉપર બાઈક સ્લીપ થઈ જતા સતવારા યુવાનનું કરૂણ મૃત્યુ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ખંભાળિયા નજીકના ધરમપુર વિસ્તારમાં રહેતા સતવારા જ્ઞાતિના બે યુવાનો (સાળા-બનેવી) સોમવારે રાત્રિના સમયે બાઈક ઉપર દ્વારકા રોડ ઉપરથી એક ખાનગી કંપનીમાંથી નોકરી કરીને ખંભાળિયા પરત ફરી રહ્યા હતા. ત્યારે માર્ગમાં તેમના મોટરસાયકલ સાથે કોઈ જાનવર ટકરાતા આ મોટરસાયકલ સ્લીપ થઈ જવાના કારણે એક યુવાનનું મૃત્યું નીપજ્યું હતું. જ્યારે તેની સાથે જઈ રહેલા તેમના બનેવીને પણ ગંભીર ઈજાઓ થતા તેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ કરૂણ બનાવ અંગે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા શહેર નજીકની આવેલા ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં રહેતો અતુલભાઈ મનજીભાઈ ચોપડા નામનો ૨૪ વર્ષનો સતવારા યુવાન તેના બનેવી હાર્દિકભાઈને મોટરસાયકલ પર સાથે લઈને સોમવારે રાત્રે આશરે નવેક વાગ્યાના સમયે આ બંને યુવાનો પરત ફરી રહ્યા હતા. ત્યારે દ્વારકા - ખંભાળિયા તરફના ઓવરબ્રિજ પહેલા આવેલા એક પેટ્રોલ પંપ નજીકથી પસાર થતી વખતે બાઈક ચાલક અતુલભાઈના વાહન સમયેકોઈ જનાવર નીકળતા તેમનું મોટરસાયકલ આ જનાવર સાથે ધડાકાભેર ટકરાયું હતું. જેના કારણે સર્જાયેલા બાઈક અકસ્માતમાં અતુલ તથા હાર્દિકને માથાના ભાગે તેમજ શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ સાથે અહીંની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં અતુલનું મૃત્યુ નીપજ્યાનું તબીબો જાહેર કર્યું હતું. જ્યારે હાર્દિકને પણ ગંભીર ઈજાઓ સાથે વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર બનાવ અંગે કલ્યાણપુર પોલીસે મૃતકના ભાઈ જીજ્ઞેશભાઈ મનજીભાઈ ચોપડાની ફરિયાદ પરથી મૃતક યુવાન અતુલભાઈ ચોપડા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે. આ બનાવની જાણ થતા સતવારા આગેવાનો તેમજ કાર્યકરોએ ઘટના સ્થળે તેમજ ઘવાયેલા યુવાનને જામનગર ખસેડવા માટે દોડી જઈને સહાયભૂત બન્યા હતા. આ બનાવે સતવારા સમાજમાં અરેરાટી પ્રસરાવી છે.

# બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપર અત્યાચારનો ખંભાળિયામાં કરાશે વિરોધ : શુક્રવારે બાઈક રેલી યોજીને આવેદનપત્ર અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ ઉપર અને હિંદુ મંદિરો ઉપર કરવામાં આવતા હુમલાઓ અને તાજેતરમાં કરવામાં આવેલી હિંદુઓની નિર્મમ હત્યાનો વિરોધ સમગ્ર દેશમાં કરવામાં આવી રહ્યો છે. ત્યારે સરેઆમ કરવામાં આવતા માનવ અધિકારના ઉલ્લંઘન સામે વિશ્વભરમાં વિરોધ ઉઠી રહ્યો છે. જેને અનુલક્ષીને ખંભાળિયામાં પણ આ ઘટનાના ઘેરા પડઘા પડ્યા છે. ખંભાળિયાના હિન્દુ અસ્મિતા મંચ દ્વારા આ ગંભીર મુદ્દે રેલી યોજી, જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આને અનુલક્ષીને ખંભાળિયાના હિંદુ અસ્મિતા મંચ દ્વારા આગામી શુક્રવાર તા. ૬ ના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યે અહીંના જોધપુર ગેઈટથી એક વિશાળ બાઈક રેલી સ્વરૂપે અહીંના જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટરને આ મુદ્દે આવેદનપત્ર પાઠવવામાં આવશે. આ આયોજનમાં દરેક જ્ઞાતિજનો, મિત્ર મંડળ, હિન્દુ ભાઈ-બહેનો અને સંસ્થાઓના કાર્યકરોને વિશાળ સંખ્યામાં જોડાવા માટે હિન્દુ અસ્મિતા મંચ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# દ્વારકામાં આગામી શનિવારના નિઃશુલ્ક આંખની તપાસ તથા ચશ્મા વિતરણ કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાંચ, અમદાવાદના સહયોગથી દ્વારકામાં તારીખ ૭-૧૨-૨૦૨૪ શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ સુધી શ્રી લોહાણા મહાજન વાડી, સ્વામિનારાયણ માર્ગ, દ્વારકામાં નિઃશુલ્ક આંખોની તપાસ તથા ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરેલ છે જેનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ છે. આ કેમ્પ અંગે વધુ માહિતી માટે અશ્વિનભાઈ સી. ગોકાણી મો. ૯૮૭૯૧૭૭૧૪૦ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# બ્રહ્મલીન તનસુખગીરી બાપુના રૂમને મામલતદારે સાધુ સંતોની હાજરીમાં ખોલતા ૭ તોલા સોનું, ૧૦થી ૧૨ લાખ રોકડા અને જથ્થાબંધ ફાઈલો મળી

## રૂમમાંથી શું શું મળ્યુ એની તલસ્પર્શી વિગતો આપતા જીલ્લા કલેકટર

જૂનાગઢ તા. ૪

જૂનાગઢનાં ગિરનાર પર આવેલ અંબાજી માતાજીનાં બ્રહ્મલીન મહંત તનસુખગીરી બાપુનાં અવસાન બાદ ગઈકાલે સીટી મામલતદારે સાધુ-સંતોની હાજરીમાં જવાહર રોડ સ્થિત ભીડભંજન મહાદેવ મંદિરમાં આવેલ રૂમ ખોલતાં તેમાંથી ૭ તોલું સોનુ, ૧૦ થી ૧૨ લાખ રોકડા અને જથ્થાબંધ ફાઈલો મળી ૧૫ લોકોની ઉપસ્થિતિમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ ગિરનારના ૫૦૦૦ પગથિયા પર આવેલ માં અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ ગાદી-વારસાનો વિવાદ વકરી રહ્યો હતો. આ વિવાદમાં હરિગીરી દ્વારા તેમના શિષ્યને ચાદરવિધી કરાઈ હતી જેનો તનસુખગીરી બાપુના વારસદારો દ્વારા ભારે વિરોધ કરાયો હતો અને જગ્યા પચાવી પાડવા માટે આ પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ કરાયો હતો. સાથે તેમના વારસદારોએ પોતાને મંદિરનો વહિવટ સોંપવા માંગ કરી હતી. બીજી તરફ ભૂતનાથ મંદિરના મહંત મહેશગિરી બાપુએ પણ જણાવ્યું હતું કે, તનસુખગીરી બાપુએ મને જગ્યાની સંભાળ કરવાની જવાબદારી સોંપી હતી. જોકે, મારે જગ્યા જોઈતી નથી પરંતુ હરિગીરી મહારાજ ખોટી રીતે જગ્યા પચાવી ન પાડે તે માટે હું મેદાનમાં આવ્યો છું. દરમ્યાનન મહેશગીરી બાપુ સામે પણ એવા આક્ષેપ થયા હતા કે, તનસુખગીરી બાપુ બેભાન અવસ્થામાં હતા ત્યારે અંગુઠા મરાવી લીધા છે.આમ, સાધુ,સંતો અને તનસુખગીરી બાપુના વારસદારો વચ્ચે ગાદીને લઈને ચાલતા વિવાદને ધ્યાને રાખી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તનસુખગીરી બાપુના રૂમને સીલ મારી દેવાયું હતું. બાદમાં વિવાદને ધ્યાને રાખી તનસુખગીરી બાપુ હસ્તકની અંબાજી મંદિર, દત્ત શિખર અને ભીડભંજન મહાદેવ મંદિર સહિતની ત્રણેય જગ્યાનો કબ્જો જિલ્લા વહિવટી તંત્રએ લઈ લીધો હતો અને સિટી મામલતદારની વહિવટકર્તા તરીકે નિમણુંક કરી છે. દરમિયાન મંગળવારે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. ભીડભંજન મંદિર સ્થિત સીલ મરાયેલા બ્રહ્મલીન તનસુખગીરી બાપુના રૂમને મંગળવારે સિટી મામલતદાર ખેવન ત્રિવેદીએ સાધુ, સંતોની હાજરીમાં ખોલ્યો હતો. બાદમાં તેમની અંગત વસ્તુઓ તેમજ દસ્તાવેજોની તપાસણી કરી હતી. આ તમામનું એક લીસ્ટ બનાવવામાં આવ્યું છે. હવે આગામી સમયમાં અન્ય જગ્યાઓમાં પણ આ મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ પ્રકરણમાં કેટલાક લોકો દ્વારા નવાબીકાળના સોનાના પટ્ટા અને કરોડો રૂપિયા અહીંથી મળશે એવી આશા હોવાની વાત પણ ચર્ચાઈ રહી હતી. કેટલાકે અગાઉ એમ કહ્યું હતું કે, તનસુખગીરી બાપુ પાસે ૫ થી ૧૦ કિલો સોનું છે તેમજ નવાબી કાળના સોનાના પટ્ટા પણ છે જે અમે જોયેલા છે.આ ઉપરાંત ભવનાથનો પ્લોટ વેચાતા તેના પણ કરોડો રૂપિયા આવ્યા હતા. સાથે રોપ- વે શરૂ થતા કરોડોની આવક થઈ હોવાની પણ આશા હતી. આમ, અનેક લોકોને અહિંથી કરોડો રૂપિયાનો દલ્લો મળવાની આશા હતી પરંતુ તે આશા નિષ્ફળ નિવડી હતી.

મંદિરનો કબ્જો લેતા પહેલા તનસુખગીરી બાપુના રૂમમાં શું શું હતું તેનું એક લીસ્ટ બનાવાયું છે. આ એટલા માટે કે, ભવિષ્યમાં મંદિરનો કબ્જો જેને પણ સોંપવાનો થાય ત્યારે એ તમામ વસ્તુ સાથે કબ્જો સોંપાય. જેથી કબ્જો લેનાર એવો આક્ષેપ ન કરી શકે કે કોઈ વસ્તુ ગાયબ કરાઈ છે. આ સમગ્ર કામગીરીની વીડિયોગ્રાફી પણ કરાઈ હોવાનું ચરણસિંહ ગોહિલ, પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે તનસુખગીરી બાપુના રૂમ ખોલ્યો ત્યારે હરિગીરીબાપુ, ઈન્દ્રભારતી બાપુ તેમજ તેમના ૭ થી ૮ સંતો, મહેશગીરી બાપુના પ્રતિનિધી તેમજ બ્રહ્મલીન તનસુખગીરી બાપુના વારસદારો વગેરેની ઉપસ્થિતી રહી હતી. આમ, અંદાજે ૧૫ લોકોની ઉપસ્થિતીમાં કાર્યવાહી કરાઈ છે.

# જૂનાગઢમાં વ્યાજખોરોએ આધેડને ગોંધી રાખી રૂા. ૨૦ લાખની પઠાણી ઉઘરાણી કર્યાની ૬ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢમાં છ વ્યાજખોરોએ આધેડે ગોંધી રાખી મારમારી રૂા.૨૦ લાખની પઠાણી ઉઘરાણી કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ બી ડીવીઝન પોલીસ મથકે જીતેન્દ્રભાઈ છગનભાઈ ભાખર રહે.હાલ સુરત અને મુળ મેંદરડાવાળાએ બટુકભાઈ રાડા રબારી, હેમાંગ રબારી, ઉદય રબારી, હરેશ રબારી, રાજુ રબારી, માંડાભાઈ હુણ રહે.તમામ જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આઠેક મહીના પહેલા પોતાની દિકરીના લગ્ન કરવા સારૂ આરોપી બટુકભાઈ રબારી હસ્તક આરોપી રાજુ રબારી પાસેથી છ ટકા વ્યાજે રૂા.૫,૦૦,૦૦૦ તથા આરોપી માંડાભાઈ હુણ પાસેથી છ ટકા વ્યાજે રૂા.૫,૦૦,૦૦૦ લીધેલ હોય અને તેની અવેજમાં આરોપી બટુકભાઈ રબારીએ ફરીયાદીપાસેથી તેમના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકનો કોરો ચેક મેળવી અને આ રૂપિયા અને તેનું વ્યાજ સાથે મળી રૂા.૨૦,૦૦,૦૦૦/- (રૂપિયા વીસ લાખ) ફરીયાદી પાસેથી કઢાવવા માટે આરોપી બટુકભાઈએ ફરીયાદીને મેંદરડાથી પોતાની આઈ૨૦ ફોરવ્હીલ કારમાં ધરારથી બેસાડી ફરીયાદીને જાપટો મારી જુનાગઢ આરોપી બટુકભાઈની આંબાવાડીમાં વીડીના કારખાના પાસે તેમની ઓફીસે લઈ આવી ગોંધી રાખી ઓફીસમાં ફરીયાદી પાસે રૂ.૨૦ લાખની માંગણી કરી પ્લાસ્ટીકના પાઈપથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેમજ આરોપી હેમાંગ રબારીએ કમરએ બાંધવાના પટ્ટાથી અને આરોપી ઉદય રબારીએ ઢીકા ઢીકા પાટુથી માર મારી તથા આરોપી હરેશ રબારીએ ભુંડીગાળો કાઢી અને આરોપી રાજુ રબારી અને માંડાભાઈ હુણે ફરીયાદીને ફોન ઉપર વ્યાજના રૂપિયાની માંગણી કરી આપી દેવા દબાણ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજય સરકાર દ્વારા ઝફર મેદાનમાં રમતસંકુલ વિકસાવવા તથા વિવિધ આઉટડોર રમતોની સુવિધાઓ ઉભી કરવા રૂા.૧૯ કરોડનો અંદાજ

## રાજય સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા રાજયના રમત-ગમત મંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર માનવામાં આવ્યો

જૂનાગઢ તા.૪

જૂનાગઢના ધારાસભ્ય તરીકે જવાબદારી સંભાળ્યા બાદ જુજ જ દિવસોમાં જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ ઝફરમેદાન ખાતે ચાલી રહેલ કામગીરીની જાત મુલાકાત લીધેલ હતી અને આ જાત મુલાકાત દરમ્યાન આઉટડોર રમતો માટે ખાસ સુવિધાઓ સભર રમતગમત સંકુલ વિકસાવવું અતિજરૂરી હોઈ તે બાબતે રાજય સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજયના રમતગમત અને યુવાસાંસ્કૃતિક મંત્રી હર્ષભાઈ સંઘવીને લેખીત જાણ કરેલ.

રાજયની સંવેદનશિલ સરકાર દ્વારા આ બાબતને ખાસ સુલક્ષમાં લઈ જૂનાગઢ તથા આસપાસના વિસ્તારના રમતપ્રેમીઓ અને રમતવીરોના કૌશલ્ય અને રમતપ્રેમને જિવંત રાખવાના ઉદ્દેશ્યથી આજરોજ રાજય સરકારના રમતગમત તથા યુવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા સરકાર દ્વારા ફાળવાયેલ આશરે ૧૫ એકર ૩૯ ગુઠાની ઝફરમેદાનની જમીનમા મલ્ટીપર્પઝ ઈન્ડોરહોલમાં ટેબલટેનિસ,જીમ્નેશિયમ, ૧૦ મી. શુટીંગરેંન્જ, હાફ બેડમીન્ટન કોર્ટ, બેડમીન્ટનકોર્ટ, યોગા, ટેકવેન્ડો, ટેનિસગ્રાઉન્ડ, અને કબડ્ડી જેવી આઉટડોર રમતની સુવિધાઓનો રમત સંકુલ વિકસાવવા અને આ ઉપરોકત તમામ રમતોનો સમાવેશ થાય તેવી રીતે અલગ અલગ કોર્ટ જેવા કે વાતાનુકુલિત મલ્ટીપર્પઝ હોલ, વોલીબોલકોર્ટ(૨), કબડી કોર્ટ (૨), ખોખોકોર્ટ, ટેનિસકોર્ટ, સાઈડ ડેવલોપમેન્ટ, એમઈપીપાર્ક સહીતની અલગ અલગ ૯ પ્રકારની કામગીરીઓ હાથ ધરવા માટે આશરે રૂા.૧૯.૧૫ કરોડનો અંદાજ આંકવામાં આવેલ છે. અને આગામી ૧૨ માસમાં આ કામગીરી પુર્ણ કરવાના આયોજન સાથે ખેલાડીઓ રમતગમત ક્ષેત્રે વધુ પાવરધા બને અને રમતવીરો કૌશલ્યપુર્ણ બન્ને તે અર્થે ઈન્ડોરની સાથે સાથે આઉટડોર રમતગમતનુ સંકુલ પણ આગામી દિવસોમાં નિર્માણ પામશે અને જૂનાગઢની રમતપ્રેમી જનતાને નવલું નજરાણું પ્રાપ્ત થશે આ બાબતે ધારાસભ્યએ કરેલ રજુઆતને સફળતા મળતા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ રાજયના મુખ્યમંત્રી તથા રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રી હર્ષભાઈ સંઘવીનો આ તકે ખાસ આભાર માની જૂનાગઢ શહેરના રમતપ્રેમીઓ માટે થયેલ નિર્ણયને આવકારેલ છે તેમ જૂનાગઢ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના કાર્યાલય ખાતેથી એક અખબારી યાદીમાં જણાવાયેલ છે.

# વિસાવદરના કાલાવડ ગામની સીમમાં ૩ મહિલા સહિત ૬ જુગારીઓ જુગાર રમતા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

વિસાવદરના કાલાવડ ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૩ મહિલા ૬ જુગારીઓને વિસાવદર પોલીસે ૨૨૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે ૧ નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસે કાલાવડ ગામની સીમમાં પ્રવીણભાઈ વિઠ્ઠલભાઈ ઢેબરીયાના ખેતર પાસે વોંકળામાં જાહેરમાં જુગાર રમતા પ્રવીણ વિઠ્ઠલભાઈ ઢેબરીયા, સંજયભા ઉર્ફે ચંદુ વાઘાભાઈ દાફડા, દિનેશભાઈ ઉર્ફે ભાણો મોહનભાઈ ઢોલા, મેરૂનબેન હારૂનભાઈ મોઢીયા, અસ્મિતાબેન હીરેનભાઈ ચૌહાણ અને શાન્તુબેન રમેશભાઈ મકવાણાને જુગાર રમતા ૨૨૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે સંજય ઉર્ફે અતુલ વિઠ્ઠલ ઢેબરીયા નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિસાવદર અને ચોરવાડમાં બેના અકાળે મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

વિસાવદરના ઘંટીયાણ ગામની સીમમાં રહેતા મધ્યપ્રદેના શ્રમિકે ઝેરી દવા પી લેતા મોત જયારે ચોરવાડના આછીદ્રા ગામે રહેતા મહારાષ્ટ્રના શ્રમિકનું ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે રેશમાબેન નાનુરામ ચૌહાણે જાહેર કરેલ કે પોતાના મૃતક પતિ નાનુરામ ગંગારામ ચૌહાણ (ઉ.વ.૩૨)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી જયારે ચોરવાડના આછીદ્રા ગામે રહેતા નવનાથ ઉર્ફે ભુરો આદીવાસી (ઉ.વ.૩૫) નદીમાં ન્હાવા જતા કોઈપણ કારણોસર નદીના પાણીમાં ડુબી જતા મોત નિપજયાનું જયેશ નારણભાઈ બારડે ચોરવાડ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનાના ખજુદ્રામાં સવા લાખના દાગીના-રોકડની ચોરી

ઉના તા.૪

ઊના તાલુકાના ખજુદ્રા ગામે રહેતા પાંચભાઈ લાખભાઈ બાંભણિયા મકાનને તાળા મારી બંધ કરી કોડીનાર તાલુકાના મિતિયાજ ગામે ગોળના રાબડામાં મજૂરી કામે ગયા હતા અને પરત ફરતા તેમના મકાનની ઓસરીની લોખંડની ગ્રિલના દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કરી ઘરના દરવાજાના બારણાંનો નકુચો તાળા તોડી રૂમમાં અજાણ્યો માણસ પ્રવેશ કરી રૂમમાં રાખેલ લાકડાના પટારાનો નકુચો તોડી પટારામા રાખેલ મજૂરીના રોકડા રૂપિયા ૧ લાખ અને ચાંદીના કમર સાકળી, ચાંદી ની છડા, સોનાની કાનમાં પહેરવાની કડી મળી કુલ રૂપિયા એક લાખ પચીસ હજારના મુદામાલની ચોરી થયાની ફરીયાદ પોલીસમાં નોંધાવી હતી.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર




બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરી શો-રૂમમાં કામ કરી શકે અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨